सत्यमेव जयते

ગુજરાત વિધાનસભા સચિવાલય

# ગુજરાત વિધાનસભાના સન ૧૯૬૫ના ત્રીજા અધિવેશન (૧૫મી નવેમ્બર થી ૨૩મી ડિસેમ્બર)માં થયેલા કામકાજનો

# ટૂંકો અહેવાલ

*

અમદાવાદ
સરકારી મધ્યસ્થ પ્રેસ
૧૯૬૫

## પ્રસ્તાવના

આ પ્રકાશનમાં ગુજરાત વિધાનસભાના સન ૧૯૬૫ના ત્રીજા અધિવેશન (૧૫મી નવેમ્બરથી ૨૩મી ડિસેમ્બર)માં થયેલા કામકાજની જુદી જુદી બાબતો ઉપર સ્પષ્ટીકરણ આપતી ટૂંકી નોંધો આપેલી છે. શક્ય હોય ત્યાં આમાંની કેટલીક બાબતો અંગે આંકડાવાર માહિતી પણ આપી છે.

ગુજરાત વિધાનસભા સચિવાલય,
નવી સિવિલ હોસ્પિટલ,
અમદાવાદ-૧૬, ૧૭મી જાન્યુઆરી, ૧૯૬૬.

હ. ભ. શુક્લ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

*With the compliments of Secretary,*
*Gujarat Legislature Secretariat,*
*Ahmedabad-16.*

---

સચિવ,
ગુજરાત વિધાનસભા સચિવાલય, અમદાવાદ-૧૬,
તરફથી સાદર.

અનુક્રમણિકા


| ક્રમાંક | વિષય | પાનું ક્રમાંક |
| --- | --- | --- |
| ૧ | ૨ | ૩ |
| ૧ | ગુજરાત વિધાનસભાના સન ૧૯૬૫ના ત્રીજા અધિવેશન (૧૫મી નવેમ્બરથી ૨૩મી ડિસેમ્બર)માં થયેલા કામકાજનો ટૂંકો અહેવાલ .. .. .. | ૧ |
| ૨ | પત્રક ક્રમાંક-૧, સન ૧૯૬૫ના ત્રીજા અધિવેશન દરમિયાન ગુજરાત વિધાનસભામાં રોજેરોજ થયેલા કામકાજનો સારાંશ .. .. .. .. | ૭ |
| ૩ | પત્રક ક્રમાંક-૨, જુદી જુદી સમિતિઓ ઉપર સભ્યોની નિમણૂક .. .. | ૨૬ |
| ૪ | પત્રક ક્રમાંક-૩, અધ્યક્ષશ્રીએ નીમેલી પ્રમુખોની પેનલ .. .. .. | ૨૭ |
| ૫ | પત્રક ક્રમાંક-૪, સરકારી વિધેયકો .. .. .. .. .. | ૨૮ |
| ૬ | પત્રક ક્રમાંક-૫, રજૂઆત માટેનાં બિન-સરકારી વિધેયકો .. .. | ૩૨ |
| ૭ | પત્રક ક્રમાંક-૬, પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં બિન-સરકારી વિધેયકો .. | ૩૩ |
| ૮ | પત્રક ક્રમાંક-૭, તારાંકિત, અતારાંકિત અને ટૂંકી મુદતના પ્રશ્નોનો નિકાલ .. | ૩૪ |
| ૯ | પત્રક ક્રમાંક-૮, તારાંકિત પ્રશ્નોની ખાતાવાર માહિતી (આંકડામાં) .. .. | ૩૫ |
| ૧૦ | પત્રક ક્રમાંક-૯, અતારાંકિત પ્રશ્નોની ખાતાવાર માહિતી (આંકડામાં) .. .. | ૩૬ |
| ૧૧ | પત્રક ક્રમાંક-૧૦, પ્રશ્નોના જવાબો ઉપરથી ઉપસ્થિત થતી બાબતો ઉપર અર્ધા કલાકની ચર્ચા ઉભી કરવા માટે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૮૩ અન્વયે મળેલ સૂચનાઓ .. .. .. .. .. | ૩૭ |
| ૧૨ | પત્રક ક્રમાંક-૧૧, બિન-સરકારી સંકલ્પો .. .. .. .. | ૩૭ |
| ૧૩ | પત્રક ક્રમાંક-૧૨, ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૯૦ (ટૂંક સમયની ચર્ચા) હેઠળની સૂચનાઓ .. .. .. .. .. | ૩૮ |
| ૧૪ | પત્રક ક્રમાંક-૧૩, ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૯૪ (ધ્યાન દોરવા બાબત) હેઠળની સૂચનાઓ .. .. .. .. .. | ૪૦ |
| ૧૫ | પત્રક ક્રમાંક-૧૪, ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૨૫૫ (બીજા પ્રસ્તાવો) હેઠળની સૂચનાઓ .. .. .. .. .. | ૪૨ |
| ૧૬ | પત્રક ક્રમાંક-૧૫, વિભાજન .. .. .. .. .. | ૪૩ |

## ગુજરાત વિધાનસભાના સન ૧૯૬૫ના ત્રીજા અધિવેશન (૧૫મી નવેમ્બર થી ૨૩મી ડિસેમ્બર)માં થયેલા કામકાજનો ટૂંકો અહેવાલ.

### પ્રારંભિક

ગુજરાત વિધાનસભાનું સન ૧૯૬૫નું ત્રીજું અધિવેશન સોમવાર, તા. ૧૫મી નવેમ્બર, ૧૯૬૫ના રોજ વિધાનસભાગૃહ, અમદાવાદમાં શરૂ થયું હતું અને ગુરૂવાર, તા. ૨૩મી ડિસેમ્બર, ૧૯૬૫ના રોજ સમાપ્ત થયું હતું. આ અધિવેશનમાં વિધાનસભા કુલ ૨૯ દિવસ મળી હતી, અને તેમાં ૨૯ બેઠકો થઈ હતી. અધિવેશન દરમિયાન વિધાનસભાએ કુલ ૧૨૫ કલાક અને ૩૦ મિનિટ કામ કર્યું હતું.

### હાજરી

અધિવેશન દરમ્યાન એક દિવસે વધારેમાં વધારે હાજરી ૧૨૭ હતી અને ઓછામાં ઓછી હાજરી ૧૦૨ હતી. સરેરાશ હાજરી ૧૧૪ હતી.

### રોજેરોજના કામકાજનો સારાંશ

વિધાનસભાએ રોજેરોજ કરેલા કામકાજનો સારાંશ પત્રક-ક્રમાંક-૧માં આપ્યો છે.

### વિધાનસભાની જુદી જુદી સમિતિઓ વગેરે ઉપર સભ્યોની નિમણૂક

અધિવેશન દરમિયાન અધ્યક્ષશ્રીએ અરજી સમિતિની નિમણૂક કરી હતી (જુઓ પત્રક ક્રમાંક-૨)

અધ્યક્ષશ્રીએ અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની ગેરહાજરીમાં કામ કરવા માટે પ્રમુખોની પેનલની પણ નિમણૂક કરી હતી (જુઓ પત્રક ક્રમાંક-૩).

### સરકારી વિધેયકો

અધિવેશન માટે કાર્યાવલીમાં ૧૯ વિધેયકો બતાવવામાં આવ્યાં હતાં. (જુઓ પત્રક ક્રમાંક-૪) તેમાંથી ૧૩ વિધેયકો પસાર થયાં હતાં.

### બિન-સરકારી વિધેયકો

#### (૧) રજૂઆત માટેનાં બિન-સરકારી વિધેયકો

અધિવેશન દરમ્યાન ૩ બિન-સરકારી વિધેયકો રજૂ કરવામાં આવ્યાં હતાં (જુઓ પત્રક ક્રમાંક-૫).

#### (૨) પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં બિન-સરકારી વિધેયકો

પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે ૪ બિન-સરકારી વિધેયકો હતાં. (જુઓ પત્રક ક્રમાંક-૬) તેમાંથી બે વિધેયકો ગૃહની મંજૂરીથી પાછાં ખેંચી લેવામાં આવ્યાં હતાં અને બે વિધેયકો નામંજૂર થયા હતાં.

### તારાંકિત, અતારાંકિત અને ટૂંકી મુદતના પ્રશ્નો

આ સત્ર દરમ્યાન ૨૮૩ તારાંકિત પ્રશ્નો, ૪૩ અતારાંકિત પ્રશ્નો અને ૩૯ ટૂંકી મુદતના પ્રશ્નોની સૂચનાઓ મળી હતી. આ સૂચનાઓનો નિકાલ કેવી રીતે કરવામાં આવ્યો તે તથા પ્રશ્નોની ખાતાવાર માહિતી આ સાથેના પત્રકો ક્રમાંક ૭, ૮ અને ૯માં આપવામાં આવી છે.

### અર્ધા કલાકની ચર્ચા

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૮૩ અન્વયે સભાગૃહમાં પ્રશ્નોના આપાયેલ ઉત્તરોમાંથી ઉભી થતી જાહેર અગત્યની બાબત ઉપર અર્ધા કલાકની ચર્ચા ઉપસ્થિત કરવા માટેની બે સૂચનાઓ મળી હતી તેમાંથી એક સૂચના નામંજૂર કરવામાં આવી હતી અને એક સૂચના સભાગૃહમાં તા. ૨૨-૧૨-૬૫ના રોજ ચર્ચવામાં આવી હતી. (જુઓ પત્રક ક્રમાંક-૧૦).

### બિન-સરકારી સંકલ્પો

અગાઉ નક્કી કરવામાં આવેલ સભાઓની તારીખવાર યાદી પ્રમાણે તા. ૧૭મી નવેમ્બર, ૧૯૬૫નો દિવસ બિન-સરકારી સંકલ્પોની ચર્ચા માટે નક્કી કરવામાં આવ્યો હતો. પરંતુ પાછળથી તેમાં કેટલાક ફેરફાર થવાથી કામકાજ સલાહકાર સમિતિની ભલામણ પ્રમાણે તા. ૨૨માં ડિસેમ્બર, ૧૯૬૫નો એક વધારાનો દિવસ બિન-સરકારી સંકલ્પોની ચર્ચા માટે ફાળવવામાં આવ્યો હતો. આમ સત્ર દરમિયાન કુલ ૨ દિવસો બિન-સરકારી સંકલ્પોની ચર્ચા માટે ફાળવામાં આવ્યા હતા

બિન-સરકારી સંકલ્પોની બધી મળીને કુલ ૭૧ સૂચનાઓ આવી હતી, જેમાંથી ૫૫ સૂચનાઓ માનનીય અધ્યક્ષશ્રીએ દાખલ કરી હતી. દાખલ કરવામાં આવેલા સંકલ્પોની વિગતો નીચે પ્રમાણે છે :–

| | | |
|---|---|---|
| (૧) | રજૂ કરવામાં આવેલા પરંતુ ચર્ચાને અંતે પાછા ખેંચી લીધેલા સંકલ્પોની સંખ્યા (બીજા ૫ સંકલ્પો આવા જ હતા.) | ૫ |
| (૨) | રજૂ કરવામાં આવેલા પરંતુ સભાગૃહે અસ્વીકાર કર્યો હોય તેવા સંકલ્પોની સંખ્યા (બીજો ૧ સંકલ્પ આવો જ હતો) | ૩ |
| (૩) | રજૂ ન થયેલા સંકલ્પોની સંખ્યા. | ૧ |
| (૪) | પસાર થયેલા સંકલ્પોની સંખ્યા | ૧ |
| (૫) | સૂચના રદ થઈ હોય તેવા સંકલ્પોની સંખ્યા. | ૩૯ |

(જુઓ પત્રક ક્રમાંક-૧૧).

### સભા મોકૂફીના પ્રસ્તાવો

આ સત્ર માટે સભા મોકૂફીના પ્રસ્તાવની ૧ સૂચના આવી હતી જેને માનનીય અધ્યક્ષશ્રીએ સંમતિ આપી ન હતી.

### ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૯૦ (ટૂંક સમયની ચર્ચા) હેઠળની સૂચનાઓ

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૯૦ હેઠળ ટૂંક સમયની ચર્ચા ઉભી કરવા માટે કુલ ૨૦ સૂચનાઓ આવી હતી. આમાંથી કુલ ૮ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી. દાખલ કરવામાં આવેલી સૂચનાઓ પૈકીની એક સૂચના ચર્ચા માટે લેવામાં આવી ન હતી. દાખલ ન કરવામાં આવેલી સૂચનાઓમાંથી ૪ સૂચનાઓને નિયમ ૯૪ (ધ્યાન ખેંચવા બાબત) હેઠળ દાખલ કરવામાં આવી હતી.

(જુઓ પત્રક ક્રમાંક-૧૨)

### ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૯૪ (ધ્યાન ખેંચવા બાબત) હેઠળની સૂચનાઓ

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૯૪ હેઠળ તાકીદની જાહેર અગત્યની બાબતો પર ધ્યાન ખેંચવા બાબતની કુલ ૨૨ સૂચનાઓ આવી હતી. આમાં નિયમ ૯૦ હેઠળની (ટૂંક સમયની ચર્ચા) માટે આવેલી પરંતુ નિયમ ૯૪ (ધ્યાન ખેંચવા બાબત) હેઠળ દાખલ કરેલી ૪ સૂચનાઓનો સમાવેશ થાય છે. કુલ ૯ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી. આ સૂચનાઓ પૈકીની ૨ સૂચનાઓ લાગતા વળગતા સભ્યશ્રીઓની ગેરહાજરીને કારણે લેવાઈ ન હતી. લાગતા વળગતા મંત્રીશ્રીઓએ કુલ ૭ નિવેદનો કર્યા હતા.

(જુઓ પત્રક ક્રમાંક-૧૩)

### ગુજરાત વિધાનસભાના નવા નિયમો

સન ૧૯૬૦ના બોમ્બે રિઓર્ગેનિઝેશન એક્ટની કલમ ૧૮માં ઠરાવ્યા મુજબ ગુજરાત વિધાનસભા પોતાના કામકાજ માટે નિયમો ઘડી કાઢે ત્યાં સુધી ૧લી મે, ૧૯૬૦ની તરત જ પહેલાં મુંબઈ વિધાનસભામાં જે નિયમો અમલમાં હતા તે નિયમો ગુજરાત વિધાનસભાના અધ્યક્ષે તેમાં કરેલા સુધારા વધારા સાથે તા. ૧લી મે, ૧૯૬૦થી અમલમાં લાવવામાં આવ્યા હતા.

બંધારણની કલમ ૨૦૮ અન્વયે ગુજરાત વિધાનસભાએ પોતાના નિયમો ઘડવાના હતા, આથી નિયમો માટેની સમિતિએ નવા નિયમોનો જે મુસદ્દો તૈયાર કરેલો તે મુસદ્દો સભ્યો તરફથી સૂચવવામાં આવેલા સુધારાઓ સાથે વિચારણામાં લેવામાં આવ્યો હતો અને નવા નિયમો સભાગૃહે તા. ૨૩-૧૨-૧૯૬૫ના રોજ મંજૂર કર્યા હતા. આ નિયમો પર કુલ પાંચ દિવસ એટલે કે તા. ૨૯ અને ૩૦મી નવેમ્બર તથા ૨૦, ૨૧ અને ૨૩મી ડિસેમ્બરના રોજ ગૃહમાં ચર્ચા થઈ હતી. કુલ ૧૩૯ સુધારાઓમાંથી ૨૭ સુધારા મંજૂર કરવામાં આવ્યા હતા. આમાંથી ૧૦ મુખ્ય મંત્રીશ્રીના સંસદીય સચિવશ્રીના હતા અને ૧૭ ખાનગી સભ્યોના હતા.

આ નવા નિયમો તા. ૧લી જાન્યુઆરી, ૧૯૬૬થી અમલમાં આવ્યા છે.

### વૈધાનિક પ્રસ્તાવ

સન ૧૯૬૧ના ગુજરાત પંચાયત અધિનિયમની કલમ ૩૨૩ (૪) અન્વયેનો વિ. સ. સ. શ્રી ગંગારામ રાવળ અને વિ. સ. સ. શ્રી શાંતુભાઈ પટેલનો પ્રસ્તાવ.

"This House resolves that the following amendment be made in the Gujarat Gram and Nagar Panchayat Taxes and Fees Rules, 1964 :—

In rule 11, in sub-rule (*1*) for the words " by beat of drum in the gram or nagar or by publishing " substitute the words " in the case of a gram panchayat by beat of drum in the gram, and in the case of a nagar panchayat, by beat of drum in the nagar or by publishing. "

આ પ્રસ્તાવ તા. ૨૦મી ડિસેમ્બર, ૧૯૬૫ના રોજ દિવસના કામકાજના ક્રમમાં બતાવવામાં આવ્યો હતો પરંતુ પ્રસ્તાવની સૂચના આપનાર સભ્યો હાજર ન હોવાથી હાથ ઉપર લેવામાં આવ્યો ન હતો.

## ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૨૫૪ હેઠળ અધિવેશનને છેલ્લે દિવસે થઈ શકે તેવા પ્રસ્તાવો

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૨૫૪ હેઠળ અધિવેશનને છેલ્લે દિવસે થઈ શકે તેવા પ્રસ્તાવની કુલ ૩ સૂચનાઓ આવી હતી. જેમાંથી ૨ સૂચનાઓ નામંજૂર કરવામાં આવી હતી. દાખલ કરવામાં આવેલી વિ. સ. સ. યુવરાજ શ્રી મનોહરસિંહજી પ્ર. જાડેજાની રાજ્યની માધ્યમિક શાળાઓને લગતી અનુદાન સંહિતા બાબતની સૂચના તા. ૨૩મી ડિસેમ્બર, ૧૯૬૫ના રોજ સભાગૃહમાં ચર્ચા માટે લેવામાં આવી હતી.

## ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૨૫૫ (બીજા પ્રસ્તાવો) હેઠળની સૂચનાઓ.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૨૫૫ હેઠળ "બીજા પ્રસ્તાવો"ની કુલ ૬ સૂચનાઓ આવી હતી. આ બધી જ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી.

(જુઓ પત્રક ક્રમાંક-૧૪)

## વિધાનસભાના નિયમ ૪૫ હેઠળ માનનીય નાણાં મંત્રીશ્રીનું નિવેદન.

સત્ર દરમિયાન સોમવાર તા. ૧૫મી નવેમ્બર, ૧૯૬૫ના રોજ નાણાં મંત્રીશ્રીએ ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૪૫ હેઠળ કરવેરા વિષેની દરખાસ્તો અંગે સભાગૃહમાં નિવેદન કર્યું હતું. આ દરખાસ્તોને પરિણામે એક સંપૂર્ણ વર્ષમાં રૂા. ૩૦૯.૭૦ લાખની અને ચાલુ વર્ષમાં રૂા. ૧૫૦.૨૫ લાખની આવક વધશે એવો અંદાજ છે.

## સમિતિઓની બેઠકો

અધિવેશન દરમિયાન નીચે જણાવેલી સમિતિઓની બેઠકો થઈ હતી :—

૧. કામકાજ સલાહકાર સમિતિ.

૨. બિન-સરકારી સભ્યોનાં વિધેયકો અને સંકલ્પો માટેની સમિતિ.

૩. ગૃહની બેઠકોમાંથી સદસ્યોની ગેરહાજરી બાબતની સમિતિ.

૪. સદસ્ય નિવાસ વ્યવસ્થા સમિતિ.

૫. ગ્રંથાલય સમિતિ.

## વિધાનસભામાં રજૂ થયેલા/ચર્ચાયેલા અહેવાલો

અધિવેશન દરમિયાન નીચે જણાવેલ અહેવાલો વગેરે વિધાનસભામાં રજૂ થયા હતા અથવા ચર્ચાયા હતા:—

| અનુ-ક્રમાંક | અહેવાલ | રજૂ થયાની તારીખ | ચર્ચાયાની તારીખ. |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | કામકાજ સલાહકાર સમિતિના અહેવાલો. | ૧. ૧૬-૧૧-૬૫<br>૨. ૨૨-૧૧-૬૫<br>૩. ૨૪-૧૧-૬૫<br>૪. ૨૬-૧૧-૬૫<br>૫. ૯-૧૨-૬૫<br>૬. ૧૦-૧૨-૬૫<br>૭. ૧૪-૧૨-૬૫<br>૮. ૨૦-૧૨-૬૫ | |
| ૨. | બિન-સરકારી સભ્યોનાં વિધેયકો અને સંકલ્પો માટેની સમિતિના અહેવાલો. | ૧. પચીસમો અહેવાલ ૧૬-૧૧-૬૫<br>૨. છવ્વીસમો અહેવાલ ૧૯-૧૧-૬૫<br>૩. સત્તાવીસમો અહેવાલ ૨૧-૧૨-૬૫ | |
| ૩. | ગુજરાત વિદ્યુત મંડળનું સન ૧૯૬૫-૬૬ના વર્ષ માટેનું પૂરક નાણાંકીય વિવરણ પત્રક (અંદાજ). | ૧૫-૧૧-૬૫ | |
| ૪. | ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશનનું સન ૧૯૬૩-૬૪નું કામકાજ | — | ૧૫-૧૧-૬૫ |
| ૫. | ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશનનો સન ૧૯૬૩-૬૪નો વાર્ષિક હિસાબ અને ઓડીટ અહેવાલ. | ૧૫-૧૧-૬૫ | |
| ૬. | પરીક્ષાના પ્રશ્નપત્રો ફૂટવા સામે લેવાનાં તકેદારીનાં પગલાં સૂચવવા માટે સરકારે નીમેલી સલાહકાર સમિતિનો અહેવાલ. | ૧૫-૧૧-૬૫ | ૧૬-૧૧-૬૫ |
| ૭. | અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓના કમિશનરનો સન ૧૯૬૧-૬૨નો (અગિયારમો) અહેવાલ. | ૧૯-૧૧-૬૫ | ૨૫-૧૧-૬૫ |
| ૮. | ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર્સ કંપની લી. ના સન ૧૯૬૨-૬૩ અને સન ૧૯૬૩-૬૪ના હિસાબ અને અહેવાલ. | ૧૯-૧૧-૬૫ | ૨૫-૧૧-૬૫ (કંપનીના કામકાજ પર ચર્ચા). |
| ૯. | ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર્સ કંપની લી.નો સન ૧૯૬૪-૬૫નો હિસાબ અને અહેવાલ. | ૨૨-૧૧-૬૫ | ૨૫-૧૧-૬૫ (કંપનીના કામકાજ પર ચર્ચા). |

| અનુ-ક્રમાંક. | અહેવાલ | રજૂ થયાની તારીખ | ચર્ચાયાની તારીખ |
| --- | --- | --- | --- |
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧૦. | ઔદ્યોગિક વિકાસ કોરપોરેશનનો સન ૧૯૬૪-૬૫નો અહેવાલ. | ૨૬-૧૧-૬૫ | |
| ૧૧. | ગુજરાત તકેદારી કમિશનનો પહેલો વાર્ષિક અહેવાલ અને તકેદારી કમિશનની સલાહ સરકારે સ્વીકારી છે કે નહિ તે બાબતની યાદી. | ૭-૧૨-૬૫ | |
| ૧૨. | ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડનો સન ૧૯૬૪-૬૫નો અહેવાલ. | ૧૬-૧૨-૬૫ | |
| ૧૩. | ગુજરાત ગૃહનિર્માણ બોર્ડનો સન ૧૯૬૪-૬૫નો વહીવટી અહેવાલ. | ૧૭-૧૨-૬૫ | |
| ૧૪. | ગુજરાત કામદાર કલ્યાણ મંડળનો સન ૧૯૬૪-૬૫નો અહેવાલ. | ૨૨-૧૨-૬૫ | |
| ૧૫. | જાહેર હિસાબ સમિતિનો છઠ્ઠો અહેવાલ. | — | ૧૫-૧૧-૬૫ |
| ૧૬. | અંદાજ સમિતિનો અગિયારમો અહેવાલ. | — | ૧૬-૧૧-૬૫ |
| ૧૭. | અંદાજ સમિતિનો બારમો અહેવાલ. | ૨૬-૧૧-૬૫ | — |
| ૧૮ | સન ૧૯૬૪-૬૫ માટેના ગુજરાત સરકારના નાણાં-કીય અને વિનિયોગ હિસાબો તેમજ તે પરનો ઓડીટ રિપોર્ટ. | ૨૦-૧૨-૬૫ | — |
| ૧૯ | સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિનો સાતમો અહેવાલ | — | ૨૬-૧૧-૬૫ |
| ૨૦ | સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિનો આઠમો અહેવાલ. | ૧૬-૧૧-૬૫ | — |
| ૨૧ | સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિનો સન ૧૯૬૫નો બીજો અહેવાલ. | ૨૧-૧૨-૬૫ | |
| ૨૨ | નિયમો માટેની સમિતિનો અહેવાલ. | — | ૨૯ અને ૩૦ નવેમ્બર, તથા ૨૦, ૨૧ અને ૨૩ ડીસેમ્બર, ૧૯૬૫. |

## શોકદર્શક ઉલ્લેખ

ગુજરાત વિધાનસભાના સભ્ય ડો. તાહેરઅલી અબ્દુલઅલીના અવસાન અંગે તા. ૧૫મી ડિસેમ્બર, ૧૯૬૫ના રોજ સભાગૃહમાં અંજલિ આપ્યા બાદ સભાગૃહના સભ્યોએ ઉભા થઈને બે મિનિટ મૌન પાળ્યું હતું.

## વિભાજન

અધિવેશન દરમિયાન કુલ ૭ વખત વિભાજનની માંગણી કરવામાં આવી હતી. (જુઓ પત્રક ક્રમાંક-૧૫).

## સભાત્યાગ

તા. ૧૭મી નવેમ્બર, ૧૯૬૫ના રોજ વિ. સ. સ. શ્રી રણજીતરાય ગં. શાસ્ત્રીએ પ્રશ્ન ક્રમાંક ૧૧૮૯૪ના સંબંધમાં અધ્યક્ષશ્રીના અમુક નિર્ણયો સામે સભાત્યાગ કર્યો હતો.

## વિધાનસભાની કાર્યવાહી જોવા માટે આવેલા પ્રેક્ષકો

| | | |
|---|---|---|
| (ક) | પ્રેક્ષક માટેની દીર્ઘામાં આવેલા પ્રેક્ષકો ... ... ... | ૩૪૪૮ |
| (ખ) | ૬૪ સંસ્થાઓ અને શાળાઓમાંથી વિધાનસભાની કાર્યવાહી જોવા માટે આવેલા ... પ્રેક્ષકો. ... ... ... ... ... | ૩૦૬૪ |
| (ગ) | અધ્યક્ષ દીર્ઘામાં આવેલા પ્રેક્ષકોની સંખ્યા. ... ... | ૧૯૮૪ |
| (ઘ) | અતિથિ વિશેષ દીર્ઘામાં આવેલા પ્રેક્ષકોની સંખ્યા. ... ... | ૯૫ |
| | કુલ સંખ્યા ... | ૮૫૯૧ |

## પત્રક ક્રમાંક-૧

**સન ૧૯૬૫ના તૃતીય અધિવેશન દરમિયાન ગુજરાત વિધાનસભામાં રોજેરોજ થયેલા કામકાજનો સારાંશ.**

### સોમવાર, તા. ૧૫મી નવેમ્બર, ૧૯૬૫.

૧. પહેલી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૧૦૬૬૩, ૧૧૦૩૭, ૧૧૧૪૯, ૧૧૨૫૫, ૯૯૮૨, ૧૧૩૪૩, ૧૧૪૩૬, ૧૦૫૭૪, ૧૧૬૩૪, ૧૧૩૪૨, ૧૧૮૪૬, ૧૧૧૫૬, ૧૧૨૯૪, ૧૧૪૪૨, ૧૧૭૧૯, ૧૦૮૭૦ અને ૧૧૬૨૮ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્નો ક્રમાંક ૯૯૨૮, ૧૧૮૧૬, ૧૧૧૬૭, ૧૧૧૩૧, ૧૧૮૩૭ અને ૧૧૨૨૪ અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નો ક્રમાંક ૧૦૫૫૩ અને ૧૧૫૨૫ ના અંશતઃ જવાબ આપવામાં આવ્યા અને તે મુલતવી રાખવામાં આવ્યા.

પહેલી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી જેમાં નીચે જણાવેલા ક્રમાંકના પ્રશ્નો અને ઉત્તરોનો સમાવેશ થયો હતો :—

૧૦૨૩૨, ૧૦૫૭૫, ૧૦૬૦૦, ૧૦૬૮૪, ૧૦૬૯૩, ૧૦૮૮૭, ૧૦૮૮૯, ૧૧૧૧૬, ૧૧૧૫૦, ૧૧૨૨૫, ૧૧૨૫૬, ૧૧૨૮૬, ૧૧૨૯૧, ૧૧૨૯૩, ૧૧૨૯૯, ૧૧૩૧૮, ૧૧૩૨૨, ૧૧૩૨૩, ૧૧૪૦૨, ૧૧૪૫૩, ૧૧૪૫૯, ૧૧૪૭૩, ૧૧૪૭૬, ૧૧૪૮૮, ૧૧૪૯૨, ૧૧૪૯૭, ૧૧૫૦૧, ૧૧૫૩૩, ૧૧૫૭૬, ૧૧૬૫૩, ૧૧૬૫૫, ૧૧૬૬૪, ૧૧૬૬૫, ૧૧૬૬૮, ૧૧૬૭૩, ૧૧૬૭૪, ૧૧૭૬૭, ૧૧૭૭૯, ૧૧૭૯૦, ૧૧૯૭૨.

૨. નાણા મંત્રીશ્રીએ નિયમ ૪૫ અન્વયે અધ્યક્ષશ્રીની પરવાનગીથી કરવેરા અંગેનું નિવેદન કર્યું.

૩. વિ. સ. સ., શ્રી ઉદેસિંહ વી. વડોદિયાએ નિયમ ૯૪ અન્વયે, પાછોતર વરસાદના અભાવે ખેડા જિલ્લામાં મહી નહેર અને સિંચાઈના તળાવોમાંથી પાણી મેળવવા માટે ખેડૂતોએ પાણીનાં ફોર્મ ભર્યાં હોવા છતાં અયોગ્ય વહેંચણીના કારણે બળી ગયેલો હજારો મણ ડાંગરનો પાક અને તે અંગે સરકારે લીધેલાં રાહતનાં પગલાં તરફ જાહેર બાંધકામ ખાતાના મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું. જાહેર બાંધકામ ખાતાના મંત્રીશ્રીએ તેમનું નિવેદન વાંચી સંભળાવ્યું.

૪. સચિવશ્રીએ જે બે વિધેયકોને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી હતી તેનાં શીર્ષક વાંચી સંભળાવ્યાં.

૫. જાહેર હિસાબ સમિતિના પ્રમુખ, શ્રી પોપટલાલ ડા. કક્કડે સમિતિનો છઠ્ઠો અહેવાલ સાદર કર્યો.

૬. અંદાજ સમિતિના પ્રમુખ, શ્રી ચંદ્રશંકર મ. ભટ્ટે સમિતિનો અગિયારમો અહેવાલ સાદર કર્યો.

૭. મુખ્ય મંત્રીશ્રીએ પરિસીમન પંચના તા. ૧૬-૯-૬૫ના આદેશ ક્રમાંક ૧-અ અને ૨-અ વિધાનસભાના મેજ ઉપર મૂક્યા.

૮. નાણા મંત્રીશ્રીએ સન ૧૯૫૯માં કોડીનાર ખાંડ ઉદ્યોગ ખેડૂત સહકારી મંડળીને ભૂતપૂર્વ મુંબઈ સરકારે આપેલી બાંયધરી પરત્વે રકમ ભરપાઈ થયાની વિગત દર્શાવતું પત્રક વિધાનસભાના મેજ ઉપર મૂક્યું.

૯. વીજળી ખાતાના મંત્રીશ્રીએ ગુજરાત વિદ્યુત મંડળનું સન ૧૯૬૫-૬૬ના વર્ષ માટેનું પૂરક નાણાકીય વિવરણ પત્રક (અંદાજ) વિધાનસભાના મેજ ઉપર મૂક્યું.

૧૦. વાહન વ્યવહાર ખાતાના મંત્રીશ્રીએ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર કોરપોરેશનના સન ૧૯૬૩-૬૪ના વાર્ષિક હિસાબ અને ઓડિટ અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂક્યો.

૧૧. શિક્ષણ મંત્રીશ્રીએ પરીક્ષાનાં પ્રશ્નપત્રો ફૂટવા સામે લેવાનાં તકેદારીનાં પગલાં સૂચવવા માટે સરકારે નીમેલી સલાહકાર સમિતિનો અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂક્યો.

૧૨. વાહન વ્યવહાર ખાતાના મંત્રીશ્રીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર કોરપોરેશનનું સન ૧૯૬૩-૬૪નું કામકાજ વિચારણામાં લેવામાં આવે. કામકાજ પર ચર્ચા થઈ. ચર્ચાનો જવાબ વાહન વ્યવહાર ખાતાના મંત્રીશ્રીએ આપ્યો. ચર્ચા પૂરી થઈ.

૧૩. વિ. સ. સ., શ્રી બાબુભાઈ પ્રા. વૈદ્યે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો કે આ સભાગૃહનું કામકાજ ચાલતું હોય ત્યારે મુખ્ય મંત્રીશ્રીના સંસદીય સચિવશ્રી ગૃહમાં અધિકારી સાથે વાત કરી

શકે કે કેમ ? સભાપતિ, શ્રી રમણીકલાલ ત્રિ. મણીઆરે સંસદીય સચિવશ્રીને સાંભળ્યા બાદ ઠરાવ્યું કે મંત્રીશ્રીને જો કોઈ માહિતી જોઈતી હોય તો તે માટે ગૃહમાં અધિકારી સાથે વાત ન કરતાં તે માટેની નોંધ પટાવાળા મારફત અધિકારીને મોકલી માહિતી મેળવવી.

૧૪. જાહેર હિસાબ સમિતિના પ્રમુખ શ્રી પોપટલાલ ડા. કક્કડે પ્રસ્તાવ રજૂ કર્યો કે જાહેર હિસાબ સમિતિનો છઠ્ઠો અહેવાલ વિચારણામાં લેવામાં આવે. અહેવાલ પર ચર્ચા થઈ. ચર્ચાનો જવાબ આરોગ્ય મંત્રીશ્રી, ઉદ્યોગ મંત્રીશ્રી, વાહન વ્યવહાર મંત્રીશ્રી, જાહેર બાંધકામ મંત્રીશ્રી, અને નાણા મંત્રીશ્રીએ આપ્યો. ચર્ચા પૂરી થઈ.

**મંગળવાર, તા. ૧૬મી નવેમ્બર, ૧૯૬૫.**

૧. તા. ૧૫મી નવેમ્બર, ૧૯૬૫ના રોજ પહેલી તારાંકિત યાદીમાંથી મુલતવી રાખવામાં આવેલો પ્રશ્ન ક્રમાંક ૧૦૫૩૩, બીજી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૧૧૩૬૨, ૧૧૨૬૯, ૧૦૨૦૧, ૧૧૬૩૯, ૧૦૫૭૨, ૧૦૮૬૫, ૧૧૧૪૫, ૧૦૬૨૦, ૧૧૬૫૪, ૧૧૬૦૨, ૧૧૬૨૫, ૧૧૭૧૦, ૧૧૭૮૦, તા. ૫મી મે, ૧૯૬૫ના રોજ છત્રીસમી તારાંકિત યાદીમાંથી મુલતવી રાખવામાં આવેલો પ્રશ્ન ક્રમાંક ૧૦૬૮૧, ૧૨૧૫૫, ૧૨૧૦૨, (છેલ્લા ત્રણ સાથે) ૧૧૯૭૬, ૧૨૦૫૬, તેમજ તા. ૧૦મી સપ્ટેમ્બર, ૧૯૬૫ના રોજ નવમી તારાંકિત યાદીમાંથી મુલતવી રાખવામાં આવેલો પ્રશ્ન ક્રમાંક ૯૮૦૩નો જવાબ આપવામાં આવ્યો.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્ન ક્રમાંક ૮૬૩૯, ૯૮૧૯, ૧૦૭૦૩, ૧૦૪૪૪, ૧૧૧૨૭ તેમજ ૧૦૫૧૨ અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્ન ક્રમાંક ૧૧૯૯૭નો અંશત: જવાબ આપવામાં આવ્યો અને તે મુલતવી રાખવામાં આવ્યો.

પ્રશ્ન ક્રમાંક ૧૧૯૯૮ મુલતવી રાખવામાં આવ્યો.

બીજી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી જેમાં નીચે જણાવેલા ક્રમાંકના પ્રશ્નો અને ઉત્તરોનો સમાવેશ થયો હતો:—

૯૯૯૯, ૧૦૧૦૮, ૧૦૧૨૧, ૧૦૪૮૦, ૧૦૮૯૨, ૧૦૯૨૭, ૧૪૯૩૦, ૧૦૯૩૮, ૧૧૦૦૪, ૧૧૦૦૫, ૧૧૦૪૫, ૧૧૦૮૯, ૧૧૧૫૧, ૧૧૧૮૧, ૧૧૧૮૮, ૧૧૨૮૯, ૧૧૩૦૫, ૧૧૩૧૩, ૧૧૩૩૦, ૧૧૪૧૯, ૧૧૪૬૪, ૧૧૪૭૨, ૧૧૪૭૭, ૧૧૪૯૬, ૧૧૫૨૨, ૧૧૬૫૭, ૧૧૬૫૮, ૧૧૬૬૦, ૧૧૬૬૭, ૧૧૬૭૦, ૧૧૬૭૧, ૧૧૬૭૨, ૧૧૬૭૫, ૧૧૬૮૪, ૧૧૭૪૫, ૧૧૭૮૧, ૧૧૮૫૯, ૧૧૮૭૮, ૧૧૮૮૧, ૧૧૯૩૬.

૨. તા. ૧૫મી નવેમ્બર, ૧૯૬૫ના રોજ મળેલી કામકાજ સલાહકાર સમિતિની ભલામણ ગૃહે મંજૂર કરી.

૩. અધ્યક્ષશ્રીએ પ્રમુખોની નામસૂચિ પર ૪ સભ્યોની નિમણૂક કરી.

૪. બિન-સરકારી વિધેયકો અને સંકલ્પો માટેની સમિતિનો પચ્ચીસમો અહેવાલ સભાગૃહે માન્ય રાખ્યો.

૫. ખાતરી સમિતિના સભ્ય શ્રી ઈશ્વરલાલ ગુ. દેસાઈએ સમિતિનો આઠમો અહેવાલ સાદર કર્યો.

૬. નાણા મંત્રીશ્રીએ તા. ૧-૧૦-૬૫ થી તા. ૨૩-૧૦-૬૫ના સમય દરમિયાન સરકારે આપેલી બાંયધરીની વિગત દર્શાવતું પત્રક વિધાનસભાના મેજ ઉપર મૂક્યું.

૭. શિક્ષણ મંત્રીશ્રીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે ગુજરાત માધ્યમિક શાળાંત પરીક્ષા તેમજ તાંત્રિક ખાતાની પરીક્ષાઓનાં પ્રશ્નપત્રો ફૂટવા સામે લેવાનાં તકેદારીના પગલાં સૂચવવા માટે સરકારે નીમેલી સલાહકાર સમિતિનો અહેવાલ વિચારણામાં લેવામાં આવે. અહેવાલ પર ચર્ચા થઈ. ચર્ચાનો જવાબ શિક્ષણ મંત્રીશ્રીએ આપ્યો. ચર્ચા પૂરી થઈ.

૮. અંદાજ સમિતિના પ્રમુખ, શ્રી ચંદ્રશંકર મ. ભટ્ટે પ્રસ્તાવ રજૂ કર્યો કે અંદાજ સમિતિનો અગિયારમો અહેવાલ વિચારણામાં લેવામાં આવે. અહેવાલ પર ચર્ચા થઈ. ચર્ચાનો જવાબ નાણા મંત્રીશ્રીએ આપ્યો. ચર્ચા પૂરી થઈ.

### બુધવાર, તા. ૧૭મી નવેમ્બર, ૧૯૬૫.

૧. ત્રીજી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૧૧૭૯૯, ૧૨૨૧૦, ૧૦૫૨૦, ૧૦૬૩૦, ૧૦૮૯૭, ૧૧૨૫૭, ૧૧૫૪૨, ૧૧૩૫૯, ૧૧૮૨૬, ૧૧૪૩૩, ૧૦૯૯૭, ૧૦૧૫૫, ૧૦૭૧૮, ૧૧૫૭૧, ૧૧૭૯૨, ૧૧૯૮૪, ૧૧૮૯૪, ૧૧૮૯૮, ૧૧૯૪૪, ૧૧૯૪૭, તેમજ ૧૧૬૨૯ના જવાબ આપવામાં આવ્યા.

વિ. સ. સ., શ્રી રણજીતરાય ગં. શાસ્ત્રીએ પ્રશ્નો ક્રમાંક ૧૧૮૯૪ના સંબંધમાં, અધ્યક્ષશ્રીના અમુક નિર્ણય સામે સભાત્યાગ કર્યો.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્ન ક્રમાંક ૧૧૧૨૯, ૧૨૦૮૪, ૧૦૧૭૧ અને ૧૧૭૫૩ અતારાંકિત ગણવામાં આવ્યા.

ત્રીજી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી, જેમાં નીચે જણાવેલા ક્રમાંકના પ્રશ્નો અને ઉત્તરોનો સમાવેશ થયો હતો:—

૧૦૪૭૪, ૧૦૬૭૫, ૧૦૭૪૧, ૧૦૮૦૯, ૧૦૮૪૭, ૧૦૮૭૪, ૧૦૮૯૬, ૧૦૯૬૩, ૧૦૯૬૬, ૧૧૦૦૬, ૧૧૦૮૬, ૧૧૧૩૯, ૧૧૧૮૩, ૧૧૨૨૭, ૧૧૨૮૭, ૧૧૨૯૫, ૧૧૩૧૫, ૧૧૩૧૯, ૧૧૩૨૦, ૧૧૩૨૪, ૧૧૩૭૩, ૧૧૪૦૬, ૧૧૪૪૬, ૧૧૪૫૬, ૧૧૪૬૦, ૧૧૪૮૩, ૧૧૪૮૪, ૧૧૬૫૯, ૧૧૬૭૬, ૧૧૬૮૬, ૧૧૬૮૭, ૧૧૭૪૬, ૧૧૭૪૮, ૧૧૭૭૭, ૧૧૮૧૨, ૧૧૯૧૭, ૧૧૯૫૭, ૧૨૦૧૭, ૧૨૦૮૮, ૧૨૧૧૭.

૨. નાણા મંત્રીશ્રીએ તા. ૨૯-૧૦-૬૫ના અને તા. ૯-૧૧-૬૫ના રોજ સરકારે આપેલી બાંયધરીની વિગત દર્શાવતું પત્રક વિધાનસભાના મેજ ઉપર મૂક્યું.

૩. વિ. સ. સ., શ્રી રતિભાઈ ઉ. પટેલે સંકલ્પ રજૂ કર્યો કે કેન્દ્ર સરકારે દાખલ કરેલ અનાજની ઝોનબંધીને કારણે અન્નક્ષેત્રે ખાધવાળા ગુજરાત રાજ્યને ઘણી મુશ્કેલી વેઠવી પડે છે. ઉપરાંત વર્તમાન રાષ્ટ્રીય કટોકટીને ધ્યાનમાં લેતાં રાષ્ટ્રીય ઐક્ય સંગીન બનાવવા આ પ્રકારની ઝોનબંધી તત્કાળ નાબૂદ કરવા કેન્દ્ર સરકાર સમક્ષ અસરકારક રજૂઆત કરવા તેમજ અન્ય આવશ્યક પગલાં લેવા વિધાનસભાના સભ્યોની ઉચ્ચ કક્ષાની એક સમિતિ નિયુક્ત કરવા આ વિધાનસભાગૃહ રાજ્ય સરકારને ભલામણ કરે છે. સંકલ્પ પર ચર્ચા થઈ. ચર્ચાનો જવાબ નાગરિક પુરવઠા ખાતાના મંત્રીશ્રીએ આપ્યો. ચર્ચા બાદ સંકલ્પ મત માટે મૂકવામાં આવ્યો અને તે નામંજૂર કરવામાં આવ્યો.

૪. તા. ૧૭-૧-૬૫ના રોજ પ્રશ્નોત્તરીના સમય દરમિયાન વિ. સ. સ., શ્રી રણજીતરાય ગં. શાસ્ત્રીએ અધ્યક્ષશ્રીના નિર્ણય સામે સભાત્યાગ કર્યો હતો તેનો નિર્દેશ કરીને અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે આવી રીતે સભાત્યાગ કરવાથી ગૃહનું અવમાન થાય છે.

૫. વિ. સ. સ., યુવરાજ શ્રી મનોહરસિંહજી પ્ર. જાડેજાએ સંકલ્પ રજૂ કર્યો કે દેશમાં તાજેતરમાં જે રાષ્ટ્રિય કટોકટી સર્જાઈ છે તેના કારણે સંરક્ષણ પ્રયાસોમાં વધુમાં વધુ નાણાં ફાજલ પાડવા તથા અનાજના ક્ષેત્રે સ્વાવલંબી બનતા કૃષિ ક્ષેત્રે વધુ નાણા ખર્ચી શકાય તે માટે ગુજરાતના નવા પાટનગરનું બાંધકામ બંધ કરવા તથા ગુજરાતમાં નવી યુનિવર્સિટીઓ શરૂ કરવાની હિલચાલ હાલની તકે બંધ કરવા આ વિધાનસભાગૃહ રાજ્ય સરકારને ભલામણ કરે છે. સંકલ્પ પર ચર્ચા થઈ. ચર્ચાનો જવાબ બાંધકામ ખાતાના મંત્રીશ્રીએ આપ્યો. ચર્ચા બાદ સંકલ્પ મત માટે મૂકતાં વિ. સ. સ., શ્રી બાબુભાઈ પ્રા. વૈદ્યે વિભાજનની માગણી કરી. તરફેણમાં ૨૦ અને વિરૂદ્ધમાં ૭૮ મત પડતાં સંકલ્પ નામંજૂર થયો.

૬. વિ. સ. સ., શ્રી મણિલાલ મં. કાશીવાળાએ સંકલ્પ રજૂ કર્યો કે રાજ્ય સરકારે સાર્વજનિક ગ્રંથાલયોની માન્યતા અને સહાયક ગ્રાન્ટ અંગેના જે નિયમો બહાર પાડ્યા છે તે નિયમોના નિયમ ૭ના પેટા નિયમ (૧)ની જોગવાઈ કે જે અનુસાર ગ્રંથાલયોને ગ્રાન્ટ આપવામાં આવે છે તે આવકારદાયક છે. પરંતુ આ નિયમના પેટા નિયમ (૨) (ક) ની જોગવાઇ જોતાં પેટા નિયમ ૧ હેઠળ જે મદદ આપવામાં આવે છે તે નાબૂદ થઈ જાય છે. આથી આ નિયમોના પેટા નિયમ (૨)ની જોગવાઈ રદ કરવા આ વિધાનસભાગૃહ રાજ્ય સરકારને ભલામણ કરે છે. સંકલ્પ પર ચર્ચા થઈ. ચર્ચાનો જવાબ શિક્ષણ મંત્રીશ્રીએ આપ્યો. ચર્ચા બાદ ગૃહની પરવાનગીથી સંકલ્પ પાછો ખેંચી લેવામાં આવ્યો.

૭. વિ. સ. સ., શ્રી નાગજીભાઈ ગો. આર્યનો સંકલ્પ સભ્યશ્રીની ગેરહાજરીને કારણે ચર્ચા માટે લેવામાં આવ્યો નહિ.

૮. વિ. સ. સ., શ્રી ઉદેસિંહ વી. વડોદિયાએ સંકલ્પ રજૂ કર્યો કે ખેડા જિલ્લાની એક મહત્વની એવી મહી યોજના પાછળ કરોડો રૂપિયા ખર્ચવામાં આવ્યા હોવા છતાં, વણાકબોરી આગળના બંધમાં પાણી ઓછું રહેવાથી દર વર્ષે ૧/૬ થી ઓછા વિસ્તારમાં જ માંડ માંડ એક જ સીઝનમાં સિંચાઈ થઈ શકે છે. આ નિવારવા માટે મહી યોજનાની પૂરક યોજના સમી, કડાણા તથા પાનમ બંધ યોજનાને ખેડા તથા પંચમહાલ જિલ્લાના હિતમાં તેમજ યુદ્ધના ધોરણે ઉત્પાદન વધારવા માટે ત્વરિત ગતિએ હાથ પર લેવા આ વિધાનસભાગૃહ રાજ્ય સરકારને ભલામણ કરે છે. સંકલ્પ પર ચર્ચા થઈ. ચર્ચાનો જવાબ સિંચાઈ ખાતાના મંત્રીશ્રીએ આપ્યો. ચર્ચા બાદ સંકલ્પ મત માટે મૂકવામાં આવ્યો અને તે નામંજૂર કરવામાં આવ્યો.

## ગુરૂવાર, તા. ૧૮મી નવેમ્બર, ૧૯૬૫.

૧. તા. ૭-૯-૬૫ના રોજ છઠ્ઠી તારાંકિત યાદીમાંથી મુલતવી રાખવામાં આવેલો પ્રશ્ન ક્રમાંક ૧૦૧૦૩ તેમજ ચોથી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૧૦૨૭૫, ૧૧૩૮૪, ૧૧૩૯૭ ૧૧૫૩૮ ૧૧૬૦૧ ૧૦૪૧૩ ૧૧૩૪૦, ૧૦૦૨૭, ૧૦૨૧૪, ૧૦૭૪૫, ૧૦૯૦૯, ૧૧૭૭૮, ૧૧૯૦૮, ૧૧૮૩૯, ૧૨૧૧૪, ૧૨૧૧૧ (છેલ્લા બે સાથે) ૧૧૭૯૩, ૧૧૮૯૩ તેમજ ૧૨૧૩૫ના જવાબ આપવામાં આવ્યા.

તા. ૭-૯-૬૫ના રોજ છઠ્ઠી તારાંકિત યાદીમાંથી મુલતવી રાખવામાં આવેલો પ્રશ્ન ક્રમાંક ૧૦૮૬૬ તેમજ ચોથી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૧૦૪૨૪, ૧૦૯૨૪, ૧૧૨૨૧, ૧૦૫૯૭, અને ૧૧૧૯૮ પ્રશ્નની સૂચના આપનાર સભ્યશ્રીઓની ગેરહાજરીને કારણે અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્ન ક્રમાંક ૧૧૪૩૧ મુલતવી રાખવામાં આવ્યો.

ચોથી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી, જેમાં નીચે જણાવેલા ક્રમાંકના પ્રશ્નો અને ઉત્તરોનો સમાવેશ થયો હતો:—

૧૦૧૨૭, ૧૦૬૩૨, ૧૦૮૮૧, ૧૧૦૯૦, ૧૧૧૭૯, ૧૧૧૮૫, ૧૧૩૨૧, ૧૧૩૩૪, ૧૧૪૫૧, ૧૧૪૮૦, ૧૧૪૮૯, ૧૧૪૯૮, ૧૧૫૧૪, ૧૧૬૬૯, ૧૧૬૭૭, ૧૧૬૭૮, ૧૧૬૯૮, ૧૧૭૩૮, ૧૧૭૫૦, ૧૧૭૬૩, ૧૧૭૬૫, ૧૧૮૦૮, ૧૧૮૧૧, ૧૧૮૬૨, ૧૧૮૬૧, ૧૧૮૯૯, ૧૧૯૦૬, ૧૧૯૩૦, ૧૧૯૩૫, ૧૧૯૩૭, ૧૧૯૬૨, ૧૨૦૧૨, ૧૨૦૯૮, ૧૨૧૦૦, ૧૨૧૦૬, ૧૨૧૫૬, ૧૨૧૫૭, ૧૨૧૭૦, ૧૨૧૮૪, ૧૨૨૧૪.

૨. અધ્યક્ષશ્રીએ અરજી સમિતિ ઉપર પાંચ સભ્યોની નિમણૂક કરી.

૩. નાણા મંત્રીશ્રીએ સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક-૪૪-સન ૧૯૬૫નું ગુજરાત શિક્ષણ ઉપકર ગુજરાત દ્વિતીય સુધારા વિધેયક રજૂ કર્યું. વિધેયકના પહેલા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ થયો. મંત્રીશ્રીના પ્રવચન બાદ પહેલા વાચન પર ચર્ચા થઈ. ચર્ચા અધૂરી રહી.

૪. વિ. સ. સ., યુવરાજ શ્રી મનોહરસિંહજી પ્ર. જાડેજાએ નિયમ ૯૦ અન્વયેની, ચાલુ વર્ષના ચોમાસા પહેલાં પારડીની ઘાસિયા જમીન પૈકીની કેટલીક જમીન ખેતી નીચે લાવવાની સરકારી જાહેરાત પછી પણ સરકારના નિષ્ક્રિયતાભર્યા વલણને કારણે આ પ્રશ્ન ઉકેલવામાં સાંપડેલી નિષ્ફળતા અને તેમાંથી ઉપસ્થિત થતી પરિસ્થિતિ અંગે, ટૂંક સમયની ચર્ચા શરૂ કરી. ચર્ચાનો જવાબ કૃષિ મંત્રીશ્રીએ આપ્યો. ચર્ચા પૂરી થઈ.

**શુક્રવાર, તા. ૧૯મી નવેમ્બર, ૧૯૬૫.**

૧. પાંચમી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૧૧૧૦૫, ૧૦૬૭૪, ૧૧૪૭૦, ૧૧૮૪૨, ૧૦૫૪૧, ૮૮૫૩, ૮૯૮૩, ૧૦૨૦૭, ૧૦૯૨૧, ૧૦૯૩૫, ૧૧૪૫૪, ૧૧૧૭૦, ૧૧૩૬૯, ૧૦૯૬૮, ૧૧૩૫૦, ૧૧૦૮૭, ૧૧૩૧૬ અને ૧૧૭૫૬ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્નો ક્રમાંક ૧૧૫૬૨, ૧૧૮૭૧, ૧૧૨૨૩, ૧૦૯૯૫, ૧૧૨૬૩ અને ૧૨૧૨૭ અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્ન ક્રમાંક ૧૧૯૯૦નો અંશત: જવાબ આપવામાં આવ્યો અને તે મુલતવી રાખવામાં આવ્યો.

પાંચમી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી, જેમાં જણાવેલા ક્રમાંકના પ્રશ્નો અને ઉત્તરોનો સમાવેશ થયો હતો:—

૯૨૫૩, ૧૦૬૭૭, ૧૦૬૮૩, ૧૦૬૮૮, ૧૦૭૪૦, ૧૧૦૬૫, ૧૧૧૬૪, ૧૧૨૯૨, ૧૧૩૭૦, ૧૧૪૨૫, ૧૧૪૩૨, ૧૧૪૭૯, ૧૧૪૮૨, ૧૧૫૪૧, ૧૧૫૯૭, ૧૧૫૯૯, ૧૧૬૭૯, ૧૧૬૮૦, ૧૧૬૮૮, ૧૧૭૮૬, ૧૧૮૨૭, ૧૧૯૫૨, ૧૧૯૮૩, ૧૨૦૦૭, ૧૨૦૫૩, ૧૨૦૯૫, ૧૨૦૯૬, ૧૨૧૦૪, ૧૨૧૦૫, ૧૨૧૧૫, ૧૨૧૪૩, ૧૨૧૫૮, ૧૨૧૯૪, ૧૨૨૧૭, ૧૨૨૧૮, ૧૨૨૫૪, ૧૨૨૫૬, ૧૨૨૮૧, ૧૨૪૦૭, ૧૨૪૭૯.

૨. પંચમહાલ જિલ્લાના પોલીસ સુપરિન્ટેન્ડેન્ટે અધ્યક્ષશ્રીને લખેલો વિ. સ. સ., શ્રી બદિયાભાઈ મૂળજીભાઈ ગોંદિયાને પકડવા બાબતનો અને પાછળથી જામીન ઉપર છોડવા બાબતનો પત્ર અધ્યક્ષશ્રીએ વાંચી સંભળાવ્યો.

૩. બિન-સરકારી સભ્યોનાં વિધેયકો અને સંકલ્પો માટેની સમિતિનો છવ્વીસમો અહેવાલ સભાગૃહે માન્ય રાખ્યો.

૪. શિક્ષણ અને સમાજ કલ્યાણ મંત્રીશ્રીએ અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જન જાતિઓના કમિશનરનો સન ૧૯૬૧-૬૨નો અગિયારમો અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂક્યો.

૫. નાયબ ઉદ્યોગ મંત્રીશ્રીએ ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર્સ કંપની લિમિટેડના સન ૧૯૬૨-૬૩ અને ૧૯૬૩-૬૪ના વાર્ષિક હિસાબ અને અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂક્યા.

૬. સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક ૪૪ સન ૧૯૬૫નું ગુજરાત શિક્ષણ ઉપકર (ગુજરાત દ્વિતીય સુધારા) વિધેયક પસાર કરવામાં આવ્યું.

૭. નાણા મંત્રીશ્રીએ સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક-૪૩-સન ૧૯૬૫નું ગુજરાત પંચાયત (ગુજરાત દ્વિતીય સુધારા) વિધેયક રજૂ કર્યું. વિધેયકના પહેલા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ થયો. મંત્રીશ્રીના પ્રવચન બાદ વાચન પરની ચર્ચા શરૂ થઈ. ચર્ચા અધૂરી રહી.

### સોમવાર, તા. ૨૨મી નવેમ્બર, ૧૯૬૫.

૧. છઠ્ઠી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૧૧૫૪૭, ૧૧૬૩૦, ૧૦૮૫૨, ૧૧૮૧૪, ૧૧૯૩૧, ૧૨૦૭૫, ૧૦૪૪૦, ૧૦૪૬૭, ૧૦૦૫૮, ૧૦૪૬૩, ૧૦૧૪૫, ૧૦૭૮૪, ૧૧૦૦૧, ૧૧૦૨૫, ૧૧૦૬૬, ૧૧૧૭૫, ૧૧૬૩૮, ૧૧૯૩૨, ૧૧૯૦૫, ૧૧૪૪૧, ૧૧૩૫૧, ૧૧૬૯૭, ૧૧૯૭૭ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોનો પ્રશ્ન ક્રમાંક ૧૦૦૫૬ અતારાંકિત ગણવામાં આવ્યો.

પ્રશ્ન ક્રમાંક ૧૧૬૮૫નો અંશતઃ જવાબ આપવામાં આવ્યો અને તે મુલતવી રાખવામાં આવ્યો.

૨. વિ. સ. સ., શ્રી રતિભાઈ ઉ. પટેલે નિયમ ૯૪ અન્વયે, તાજેતરમાં રાજ્યમાં કપાસિયાના ભાવમાં આવેલા બેફામ ઉછાળાને કારણે માલધારીઓના તથા પશુપાલકોના ઢોરોના નિભાવ માટે ઊભી થયેલી ગંભીર પરિસ્થિતિ અને તે બાબતમાં રાજ્ય સરકારે લીધેલાં તાકીદનાં પગલાં તરફ ખેતીવાડી ખાતાના મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું. ખેતીવાડી ખાતાના નાયબ મંત્રીશ્રીએ તેમનું નિવેદન વાંચી સંભળાવ્યું.

૩. નાયબ ઉદ્યોગ મંત્રીશ્રીએ ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર્સ કંપની લિમિટેડનો સન ૧૯૬૪-૬૫નો વાર્ષિક હિસાબ અને અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂક્યા.

૪. નીચે જણાવેલાં બિન-સરકારી વિધેયકોના પ્રભારી સભ્યોને વિધેયકો દાખલ કરવાની રજા આપવામાં આવી અને વિધેયકો દાખલ કરવામાં આવ્યાં.

(૧) સન ૧૯૬૫નું ગુજરાત નગરપાલિકા (સુધારા) વિધેયક. (પ્રભારી સભ્ય શ્રી મનમોહનદાસ ભ. દેસાઈ)

(૨) સન ૧૯૬૫નું મુંબઈ ઔદ્યોગિક સંબંધો (સુધારા) વિધેયક. (પ્રભારી સભ્ય શ્રી પ્રતાપરાય તા. શાહ)

(૩) સન ૧૯૬૫નું મુંબઈ કોર્ટ ફી (સુધારા) વિધેયક. (પ્રભારી સભ્ય શ્રી મનમોહનદાસ ભ. દેસાઈ)

૫. નીચે જણાવેલાં બિન-સરકારી વિધેયકોનાં પહેલા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ થયો અને ચર્ચા કરવામાં આવી:—

(૧) સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક-૩૮-સન ૧૯૬૫નું અટકાયતી (નજરકેદ) બાબતનું (સુધારા) વિધેયક. (પ્રભારી સભ્ય શ્રી મનુભાઈ હ. પાલખીવાળા). વિધેયક મત માટે મૂકવામાં આવ્યું અને તે નામંજૂર થયું.

(૨) સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક-૩૯-સન ૧૯૬૫નું ગુજરાત નગરપાલિકા (સુધારા) વિધેયક. (પ્રભારી સભ્ય શ્રી છબીલદાસ પ્રા. મહેતા) વિ. સ. સ., શ્રી છબીલદાસ પ્રા. મહેતાએ વિધેયક પાછું ખેંચી લેવા માટે પરવાનગી માગતો પ્રસ્તાવ રજૂ કર્યો. પ્રસ્તાવ મત માટે મૂકાતાં સભ્યશ્રીને વિધેયક પાછું ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવી.

(૩) સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક-૩૭-સન ૧૯૬૫નું ગુજરાત પ્રાણીઓનું બલિદાન આપવાની મનાઈ કરવા બાબતનું વિધેયક. (પ્રભારી સભ્ય શ્રી નાગજીભાઈ ગો. આર્ય) વિ. સ. સ. શ્રી નાગજીભાઈ ગો. આર્યે વિધેયક પાછું ખેંચી લેવા માટે પરવાનગી માગતો પ્રસ્તાવ રજૂ કર્યો. પ્રસ્તાવ મત માટે મુકાતાં સભ્યશ્રીને વિધેયક પાછું ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવી.

(૪) સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક-૪૦-સન ૧૯૬૫નું મુંબઈ પ્રાથમિક શિક્ષણ (સુધારા) વિધેયક. (પ્રભારી સભ્ય શ્રી મનુભાઈ હ. પાલખીવાળા) વિધેયક મત માટે મૂકવામાં આવ્યું અને તે નામંજૂર થયું.

૬. તા. ૨૨મી નવેમ્બર, ૧૯૬૫ના રોજ મળેલી કામકાજ સલાહકાર સમિતિની ભલામણો ગૃહે મંજૂર કરી.

**મંગળવાર, તા. ૨૩મી નવેમ્બર, ૧૯૬૫.**

૧. તા. ૧૩-૧૧-૬૫ના રોજ પાંચમી તારાંકિત યાદીમાંથી મુલતવી રાખવામાં આવેલ પ્રશ્ન ક્રમાંક ૧૧૯૯૦નો જવાબ આપવામાં આવ્યો.

સાતમી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૭૯૨૫, ૯૪૧૨, ૧૧૫૫૧, ૧૦૦૭૯, ૧૦૨૦૯, ૧૦૮૧૯, ૧૦૯૬૫, ૧૧૨૩૬, ૧૦૫૭૦, ૧૧૩૪૬, ૧૧૬૩૧, ૮૯૫૪, ૧૨૨૦૯, ૧૨૦૪૩, ૧૧૯૫૬, ૧૧૪૦૮, ૧૧૪૮૭ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્નો ક્રમાંક ૧૧૧૩૨, ૧૦૭૨૩, અને ૧૧૨૫૪ તેમજ સમયના અભાવે પ્રશ્નો ક્રમાંક ૧૧૮૫૨, ૧૧૯૮૯, ૧૦૨૩૫, ૧૦૮૭૨, ૧૧૬૪૦, ૧૨૧૪૬, ૧૧૮૫૮, ૧૨૨૨૭ અને ૧૦૬૬૭ અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્ન ક્રમાંક ૧૧૯૦૧નો અંશતઃ જવાબ આપવામાં આવ્યો.

૨. વિ. સ. સ., શ્રી બદરૂદ્દીન અ. બ્લ્યુને નિયમ ૯૪ અન્વયે, મહેસાણા જિલ્લાના સિદ્ધપુર ગામમાં ખાનગી વીજળી કંપની તરફથી ઘર વપરાશ માટે ચોવીસ કલાકમાં ફક્ત અડધો કલાક વીજળીનો પુરવઠો આપવામાં આવતો હોવાથી, ગામના રહીશોને પડતી મુશ્કેલીઓ અને તે

નિવારવા રાજ્ય સરકારે લીધેલાં તાકીદનાં પગલાં તરફ વીજળી ખાતાના મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું. વીજળી ખાતાના ઉપ-મંત્રીશ્રીએ તેમનું નિવેદન વાંચી સંભળાવ્યું.

૩. સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક-૪૩-સન ૧૯૬૫નું ગુજરાત પંચાયત (દ્વિતીય સુધારા) વિધેયક પસાર કરવામાં આવ્યું.

**બુધવાર, તા. ૨૪મી નવેમ્બર, ૧૯૬૫.**

૧. તા. ૨૨-૧૧-૬૫ના રોજ છઠ્ઠી તારાંકિત યાદીમાંથી મુલતવી રાખવામાં આવેલ પ્રશ્ન ક્રમાંક ૧૧૬૮૫નો જવાબ આપવામાં આવ્યો.

આઠમી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૧૧૬૩૩, ૧૦૪૩૬, ૧૦૯૧૬, ૧૧૨૬૮, ૧૧૫૫૨, ૧૧૭૩૪ ૧૦૪૬૨, ૧૧૯૧૨, ૧૧૧૮૭, ૧૧૩૬૫, ૧૧૪૬૩, ૧૧૭૫૭, ૧૨૨૦૪, ૧૧૮૯૬, (છેલ્લા બે સાથે) ૧૧૭૨૧, ૧૨૦૫૧, ૧૧૯૬૭, ૧૧૪૬૫, ૧૧૯૧૧, ૧૧૯૬૮ અને ૧૧૯૯૧ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્નો ક્રમાંક ૧૨૦૦૪, ૮૪૯૫, ૧૦૫૫૭, ૧૧૮૭૫, ૧૨૦૮૨, ૯૫૯૯ અને ૧૧૫૫૩ તેમજ સમયના અભાવે પ્રશ્નો ક્રમાંક ૧૨૦૫૪ અને ૧૨૧૧૩ અતારાંકિત ગણવામાં આવ્યા.

૨. નીચે જણાવેલાં સરકારી વિધેયકો પસાર કરવામાં આવ્યાં.

(૧) સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક-૪૧-સન ૧૯૬૫નું જમીન સંપાદન (મુંબઈ સુધારા) રદ કરવા બાબતનું વિધેયક.

(૨) સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક ૩૫-સન ૧૯૬૫નું ગુજરાત નગરપાલિકા (દ્વિતીય સુધારા) વિધેયક.

(૩) સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક ૩૬-સન ૧૯૬૫નું ગુજરાત નવી રાજધાની (ઘેરાવા નિયંત્રણ સુધારા) વિધેયક.

(૪) સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક-૪૨-સન ૧૯૬૫નું ગુજરાતની સ્થાનિક સંસ્થાઓ (કટોકટી માટેની જોગવાઈઓ કરવા) બાબતનું વિધેયક.

૩. તા. ૨૪-૧૧-૬૫ ના રોજ મળેલી કામકાજ સલાહકાર સમિતિની ભલામણો ગૃહે મંજૂર કરી. વિ. સ. સ., યુવરાજ શ્રી મનોહરસિંહજી પ્ર. જાડેજાએ ભલામણો સમિતિને પાછી સોંપવા બાબતનો સુધારો રજૂ કર્યો જે નામંજૂર થયો.

**ગુરૂવાર, તા. ૨૫મી નવેમ્બર, ૧૯૬૫.**

૧. નવમી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૮૪૦૨, ૯૯૦૪, (બન્ને સાથે), ૧૦૫૦૭, ૧૦૪૫૬, ૧૧૦૬૬, ૧૧૫૩૭, ૧૧૧૯૨, ૧૦૪૭૮, ૧૦૫૬૩, ૧૦૮૭૬, ૧૦૫૧૯, ૧૦૫૩૬, ૧૦૫૨૮, ૧૧૫૯૧, (છેલ્લા બે સાથે) ૯૦૧૭, ૧૨૨૧૯, ૧૦૩૪૬, ૧૧૧૨૦, ૯૯૧૦, ૧૧૩૦૭, ૧૧૭૫૨, અને ૧૧૭૮૩ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્નો ક્રમાંક ૮૨૧૯, ૧૧૨૫૮, ૯૮૦૪, ૯૦૦૪, ૯૦૬૧, ૧૧૭૨૨, ૧૨૦૪૮ અને ૧૨૪૩૩ તેમજ સમયના અભાવે પ્રશ્નો ક્રમાંક ૧૧૮૬૧, ૧૧૮૬૭, ૧૨૧૭૫, અને ૧૧૮૬૮ અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્ન ક્રમાંક ૧૦૯૩૬ મુલતવી રાખવામાં આવ્યો.

૨. શિક્ષણ મંત્રીશ્રીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓના કમિશનરનો સન ૧૯૬૧-૬૨નો અગિયારમો અહેવાલ વિચારણામાં લેવામાં આવે. અહેવાલ પર ચર્ચા થઈ. ચર્ચાનો જવાબ શિક્ષણ મંત્રીશ્રીએ આપ્યો.

૩. નાયબ ઉદ્યોગ મંત્રીશ્રીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે ગુજરાત રાજ્ય ફર્ટિલાઈઝર કંપનીનું સન ૧૯૬૨-૬૩, ૧૯૬૩-૬૪ અને ૧૯૬૪-૬૫નું કામકાજ વિચારણામાં લેવામાં આવે. કામકાજ પર ચર્ચા થઈ. ચર્ચાનો જવાબ નાયબ ઉદ્યોગ મંત્રીશ્રીએ આપ્યો.

૪. વિ. સ. સ., શ્રી બ્રહ્મકુમાર ર. ભટ્ટે નિયમ ૯૦ અન્વયે અમદાવાદ શહેરમાં કામદાર વીમા યોજનાના અમલમાં પ્રવર્તતી ગેરવ્યવસ્થાને કારણે કેમિસ્ટોનો દવાઓ આપવાનો ઈન્કાર અને સરકારી સ્ટોર્સમાંથી સમયસર દવાઓ નહિ મળતી હોવાને કારણે કામદારોમાં પ્રવર્તતા અસંતોષમાંથી ઉપસ્થિત થતી પરિસ્થિતિ અંગે ટૂંક સમયની ચર્ચા શરૂ કરી. ચર્ચાનો જવાબ આરોગ્ય મંત્રીશ્રીએ આપ્યો. ચર્ચા પૂરી થઈ.

**શુક્રવાર, તા. ૨૬મી નવેમ્બર, ૧૯૬૫.**

૧. ટૂંકી મુદતનો પ્રશ્ન ક્રમાંક ૧૩૦૧૬ તેમજ દસમી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૯૫૬૪, ૧૧૯૯૫, ૧૧૫૮૪, ૧૦૦૯૨, ૧૨૨૦૨, ૧૧૨૧૮, ૧૧૨૫૩, ૧૧૨૧૧, ૧૧૫૬૯, ૧૦૮૧૬, ૧૦૩૦૬, ૧૧૨૪૯, ૧૧૩૪૮, ૧૧૪૬૮, ૧૨૧૨૨, ૧૦૨૫૪, ૧૦૫૨૧, ૧૧૮૨૯ અને ૧૧૬૦૦ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્નો ક્રમાંક ૧૦૧૩૭ અને ૧૦૮૯૯ તેમજ સમયના અભાવે પ્રશ્નો ક્રમાંક ૧૨૦૬૧, ૧૨૨૧૨, ૧૧૨૫૯, ૧૧૨૫૦, ૧૧૬૯૩, ૧૧૮૯૮, ૧૧૭૭૧, ૧૨૧૯૧, ૧૨૦૯૩, ૧૧૯૮૭, ૧૨૦૦૬, ૧૨૧૪૨, ૧૨૧૩૧ અને ૧૨૧૩૨ અતારાંકિત ગણવામાં આવ્યા.

૨. અંદાજ સમિતિના પ્રમુખ, શ્રી ચંદ્રશંકર મ. ભટ્ટે સમિતિનો બારમો અહેવાલ સાદર કર્યો.

૩. ઉદ્યોગ મંત્રીશ્રીએ ઔદ્યોગિક વિકાસ કોરપોરેશનનો સન ૧૯૬૪-૬૫નો અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂક્યો.

૪. વિ. સ. સ., શ્રી છબીલદાસ પ્રા. મહેતાએ નિયમ ૨૫૫ અન્વયે, સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિએ તેને સચિવાલયનાં ખાતાંએ જવાબો આપવામાં કરેલા વિલંબ, ખાતરીઓના અમલમાં થતી ઢીલ અને ખાતાંઓએ આપેલ અસ્પષ્ટ જવાબો અંગે તેના સાતમા અહેવાલના ફકરાઓ ૩ (૯), ૩ (૧૦) અને ૧૩ (૪)માં કરેલી ભલામણો વિચારણામાં લેવા અંગેનો પ્રસ્તાવ રજૂ કર્યો. પ્રસ્તાવ પર ચર્ચા થઈ. ચર્ચાનો જવાબ સહકાર મંત્રીશ્રી, નાણા મંત્રીશ્રી અને નાયબ મહેસૂલ મંત્રીશ્રીએ આપ્યો. ચર્ચા પૂરી થઈ.

૫. વિ. સ. સ., શ્રી પ્રતાપરાય તા. શાહે નિયમ ૯૦ અન્વયે, તબીબી જાહેર આરોગ્ય અને આયુર્વેદ સેવાઓ માટે નવાં પગાર ધોરણો ઠરાવતાં સરકારના તા. ૨૭મી ઓકટોબર, ૧૯૬૫ના હુકમથી ઉપસ્થિત થતી પરિસ્થિતિ અંગે, ટૂંક સમયની ચર્ચા શરૂ કરી. ચર્ચાનો જવાબ આરોગ્ય મંત્રીશ્રીએ આપ્યો. ચર્ચા પૂરી થઈ.

૬. તા. ૨૬-૧૧-૬૫ના રોજ મળેલી કામકાજ સલાહકાર સમિતિની ભલામણો ગૃહે મંજૂર કરી.

## સોમવાર, તા. ૨૯મી નવેમ્બર, ૧૯૬૫.

૧. અગિયારમી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૧૧૮૫૩, ૯૧૬૪, ૧૦૧૯૫, ૧૦૫૫૧, ૧૧૮૨૮, ૧૧૧૮૬, ૧૧૪૪૭, ૧૧૫૪૫, ૧૦૫૯૧, ૧૦૭૮૭, ૧૧૪૬૧, ૧૧૫૦૨, ૧૨૨૧૫, ૧૧૦૧૯, ૧૦૬૦૩, ૧૧૦૦૨, ૧૧૭૩૦, ૧૨૪૨૭, ૧૧૩૯૨, ૧૨૧૦૮, ૧૦૬૯૦, ૧૧૪૬૨, ૧૧૦૨૪, ૧૧૯૪૬, ૧૦૯૬૭, ૧૧૯૮૨, ૧૧૬૯૯, ૧૨૦૧૦, ૧૧૭૪૭ અને ૧૨૦૯૪ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યશ્રીઓના પ્રશ્નો ક્રમાંક ૧૦૦૧૪, ૧૧૨૦૯, ૧૧૪૩૮ અને ૧૨૩૦૯ અતારાંકિત ગણવામાં આવ્યા.

૨. નાયબ કાયદા મંત્રીશ્રીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે નિયમો માટેની સમિતિએ ભલામણ કર્યા પ્રમાણેના ગુજરાત વિધાનસભાના નિયમો વિચારણામાં લેવામાં આવે. પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો. નિયમવાર વાચન શરૂ થયું. નિયમ ૪, ૭, ૧૦ થી ૧૪, ૧૬ થી ૧૮, ૨૦ થી ૨૪, ૨૭ થી ૨૯ અને ૩૧ થી ૩૩ મંજૂર કરવામાં આવ્યા. નિયમ ૨, ૩, ૬, ૮, ૯, ૧૫, ૧૯, ૨૫, ૨૬ અને ૩૦ કોઈપણ સુધારા વગર મંજૂર કરવામાં આવ્યા. નિયમ ૧ અને ૫ સુધારેલા રૂપમાં મંજૂર કરવામાં આવ્યા. નિયમવાર વાચન અધૂરું રહ્યું.

## મંગળવાર, તા. ૩૦મી નવેમ્બર, ૧૯૬૫.

૧. બારમી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૧૧૪૦૧, ૧૧૯૨૫, ૧૨૦૭૬, ૧૧૦૯૩, ૧૨૨૦૮, ૧૨૨૮૭, ૧૦૨૧૮, (છેલ્લા બે સાથે) ૧૨૦૮૦, ૧૨૬૯૯, ૧૨૨૨૨, ૧૧૯૭૫, (છેલ્લા ત્રણ સાથે) ૧૧૨૭૦, ૧૧૪૩૫, ૧૧૪૫૭, ૧૧૫૪૦, ૧૦૯૫૪, ૧૧૭૨૪, ૧૧૯૨૬, ૧૨૨૩૪, ૧૨૩૨૭, ૧૨૫૬૭, ૧૨૦૫૦, ૧૧૯૧૯ અને ૧૨૨૭૧ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યશ્રીઓના પ્રશ્નો ક્રમાંક ૧૨૧૮૩, અને ૧૦૮૧૨ તેમજ સમયના અભાવે પ્રશ્નો ક્રમાંક ૧૦૩૨૮, ૧૨૩૪૮, ૧૨૬૩૮, ૧૧૯૨૧, ૧૨૩૯૧, ૧૨૪૧૦, ૧૨૪૪૨ તેમજ ૧૨૦૨૮ અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્ન ક્રમાંક ૯૩૦૭નો અંશત: જવાબ આપવામાં આવ્યો અને તે મુલતવી રાખવામાં આવ્યો.

૨. તા. ૨૯મી નવેમ્બર, ૧૯૬૫ના રોજ નિયમો માટેની સમિતિએ ભલામણ કર્યા પ્રમાણેના ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ પરની અધૂરી રહેલી નિયમવાર વિચારણા શરૂ થઈ.

નિયમ ૩૫, ૩૭ થી ૩૮, ૪૦ થી ૪૨, ૪૫, ૪૬, અને ૪૮ થી ૫૩ મંજૂર કરવામાં આવ્યા.

નિયમ ૩૪, ૩૬ અને ૩૯, ૪૪, ૪૭, ૫૪ અને ૫૫ કોઈપણ સુધારા વગર મંજૂર કરવામાં આવ્યા. નિયમ ૪૩ સુધારેલા રૂપમાં મંજૂર કરવામાં આવ્યો. નિયમવાર વાચન અધૂરું રહ્યું.

## બુધવાર, તા. ૧લી ડિસેમ્બર, ૧૯૬૫.

૧. તેરમી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૧૦૫૦૨, ૧૧૫૬૧, ૧૦૨૬૧, ૧૧૯૬૯, ૧૨૦૦૫, ૧૧૦૮૮, ૧૨૨૪૮, ૧૧૯૦૯, ૭૧૭૬, ૧૦૧૧૮, ૧૧૫૩૯, ૧૧૧૬૦, ૧૦૬૩૪, ૧૨૩૨૬, ૧૨૪૫૮, ૧૨૦૫૯, ૧૧૭૫૮, ૧૧૯૮૬, ૧૨૨૨૩, ૧૧૫૪૩, ૧૧૪૦૫, ૧૨૦૬૫ તેમજ ૧૧૭૫૯ના જવાબ આપવામાં આવ્યા.

તા. ૧૮મી નવેમ્બર ૧૯૬૫ના રોજ ચોથી તારાંકિત યાદીમાંથી મુલતવી રાખવામાં આવેલો પ્રશ્ન ક્રમાંક ૧૧૪૩૧, તેરમી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૧૨૧૮૧, ૧૦૪૯૯, અને ૧૦૫૦૦ પ્રશ્નોની સૂચના આપનાર સભ્યશ્રીઓની ગેરહાજરીને કારણે તેમજ સમયના અભાવે પ્રશ્નો ક્રમાંક ૧૨૦૭૯, ૧૨૬૨૧, ૧૨૧૦૧, ૧૨૧૩૪, ૧૨૧૪૦, ૧૨૨૯૪, ૧૨૨૫૧, ૧૨૬૫૨, અને ૧૨૪૦૦ અતારાંકિત ગણવામાં આવ્યા.

સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક ૪૬- સન ૧૯૬૫નું મનોરંજન કર (ગુજરાત દ્વિતીય સુધારા) બાબતનું વિધેયક રજૂ કર્યું.

વિ. સ. સ. યુવરાજ શ્રી મનોહરસિંહજી પ્ર. જાડેજાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો કે આ વિધેયકનો ઉદ્દેશ મુંબઈના સન ૧૯૨૩ના મનોરંજન કર અધિનિયમના ઉદ્દેશ સાથે સુસંગત નથી, અને તેથી તે ઓર્ડરમાં નથી. વિ. સ. સ. શ્રી બાબુભાઈ પ્રા. વૈદ્ય, શ્રી છબીલદાસ પ્રા. મહેતા અને નાણા મંત્રીશ્રીનાં મંતવ્યો સાંભળ્યા બાદ અધ્યક્ષશ્રીએ પોઈન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કર્યો. વિધેયક પસાર કરવામાં આવ્યું.

૩. વિ. સ. સ. શ્રી બ્રહ્મકુમાર ૨. ભટ્ટે નિયમ ૯૦ અન્વયે રાજ્યમાં પાછોતર વરસાદના અભાવે અન્ન ઉત્પાદન અને પીવાના પાણીને પહોંચેલી ગંભીર અસર અને ક્રુડ તેલની તંગીના કારણે શિયાળુ પાકના ઉત્પાદન પર પડનારી ઘેરી અસરને કારણે ઉપસ્થિત થતી પરિસ્થિતિ અંગે ટૂંક સમયની ચર્ચા શરૂ કરી. ચર્ચાનો જવાબ ખેતીવાડી મંત્રીશ્રીએ અને નાગરિક પુરવઠા મંત્રીશ્રીએ આપ્યો. ચર્ચા પૂરી થઈ.

## ગુરૂવાર, તા. ૨જી ડિસેમ્બર, ૧૯૬૫.

૧. તા. ૨૫મી નવેમ્બર, ૧૯૬૫ના રોજ નવમી તારાંકિત યાદીમાંથી મુલતવી રાખવામાં આવેલો પ્રશ્ન ક્રમાંક ૧૦૯૩૬ તેમજ ચૌદમી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૧૨૩૨૨, ૧૦૪૬૧, ૧૧૨૪૩, ૧૧૪૦૩, ૧૧૫૪૯, ૧૦૭૩૯, ૧૦૪૨૨, ૧૦૪૭૧, ૧૦૪૭૯, ૧૧૦૭૭, ૧૦૬૨૬, (છેલ્લા છ સાથે) ૧૨૬૫૩, ૧૦૮૭૩, ૧૧૧૩૮, ૧૨૪૨૫, ૧૨૫૦૮, અને ૧૧૨૮૩ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યશ્રીઓના પ્રશ્નો ક્રમાંક ૧૨૩૨૧, ૧૦૨૫૧, ૧૨૩૨૨ અને ૧૨૧૯૦ તેમજ સમયના અભાવે પ્રશ્નો ક્રમાંક ૧૧૭૧૬, ૧૧૨૩૯, ૧૨૩૬૦, ૧૧૨૪૪, ૧૧૫૯૪, ૧૧૩૦૬, ૧૨૩૧૨, ૧૧૪૧૬, ૧૧૬૦૫, ૧૨૧૧૬, ૧૧૭૨૩, ૧૨૧૧૮, ૧૨૦૪૬ અને ૧૨૧૯૬ અતારાંકિત ગણવામાં આવ્યા.

૨. વિ. સ. સ. યુવરાજશ્રી મનોહરસિંહજી પ્ર. જાડેજાએ નિયમ ૯૪ અન્વયે, તાજેતરમાં પોરબંદર ખાતેની ભાવસિંહજી ઈસ્પિતાલના ઓપરેશન થિયેટરના બીજા માળ પરની છત તૂટી પડતાં થયેલું હજારો રૂપિયાનું નુકસાન અને અનિશ્ચિત સમય સુધી શસ્ત્રક્રિયાની સારવાર ન આપી શકાય તેવી સર્જાયેલી સ્થિતિ છતાં તે તાકીદે રિપેર કરવામાં ન આવ્યાથી દર્દીઓ માટે ઊભી થયેલી મુશ્કેલી અને તે નિવારવા રાજ્ય સરકારે લીધેલાં તાકીદનાં પગલાં તરફ આરોગ્ય ખાતાના મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું. આરોગ્ય મંત્રીશ્રીએ તેમનું નિવેદન વાંચી સંભળાવ્યું.

૩. સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક ૨૮- સન ૧૯૬૫નું સુરત યુનિવર્સિટી બાબતનું વિધેયક રજૂ કરવામાં આવ્યું.

વિ. સ. સ. બાબુભાઈ પ્રા. વૈદ્યે પોઈન્ટ ઓફ ઓર્ડર રજૂ કર્યો કે આ વિધેયકમાં (કલોઝ)નો "સેકશન" તરીકે તેમજ "વિધેયક"નો "અધિનિયમ" તરીકે ઉલ્લેખ થયેલો હોઈ તે ઓર્ડરમાં નથી. શિક્ષણ મંત્રી શ્રીમતી ઈન્દુમતી ચીમનલાલ, વિ. સ. સ. શ્રી પ્રતાપરાય તા. શાહ, શ્રી નારણદાસ પી. પોપટ તેમજ મુખ્ય મંત્રી શ્રી હિતેન્દ્ર દેસાઈનાં મંતવ્યો સાંભળ્યા બાદ, ઉપાધ્યક્ષશ્રીએ, પોઈન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કર્યો.

વિ. સ. સ. શ્રી રણજીતરાય ગં. શાસ્ત્રીએ પોઈન્ટ ઓફ ઓર્ડર રજૂ કર્યો કે નિયમોનુસાર મંત્રીશ્રીએ આ વિધેયકનાં આર્થિક પરિણામો સમજાવ્યાં નથી તેથી તે ઓર્ડરમાં નથી. ઉપાધ્યક્ષશ્રીએ પોઈન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કર્યો.

વિ. સ. સ. શ્રી મંગુભાઈ મા. પટેલે પોઈન્ટ ઓફ ઓર્ડર રજૂ કર્યો કે આ ગૃહના મોટા ભાગના સભ્યો અંગ્રેજીના જાણકાર નથી છતાં પણ આ વિધેયક ઉપરના સુધારા સભ્યોને અંગ્રેજી ભાષામાં મળ્યા છે તે બરાબર નથી. ઉપાધ્યક્ષશ્રીએ પોઈન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કર્યો.

વિધેયકના પહેલા વાચન પરનો પ્રસ્તાવ રજૂ થયો. મંત્રીશ્રીના પ્રવચન બાદ પહેલા વાચન પર ચર્ચા થઈ. ચર્ચા અધૂરી રહી.

## શુક્રવાર, તા. ૩જી ડિસેમ્બર, ૧૯૬૫.

૧. તા. ૨જી ડિસેમ્બર, ૧૯૬૫ના રોજ નિયમ ૭૬(૪) અન્વયે ચૌદમી તારાંકિત યાદીમાંથી મુલતવી રાખવામાં આવેલો પ્રશ્ન ક્રમાંક ૧૧૫૧૬, તેમજ પંદરમી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૧૧૨૬૭, ૧૨૨૬૨, ૧૨૬૦૨, ૧૨૨૨૯, ૧૦૩૫૪, ૧૦૮૧૩, ૧૧૪૩૯, ૧૧૫૦૭, ૧૨૨૭૭, ૧૨૨૬૨, ૧૨૬૦૨, ૧૦૦૪૬, ૧૨૬૮૩, ૧૦૪૨૯, ૧૦૯૫૯, ૮૭૪૮, ૧૨૧૭૪, ૧૧૨૭૭, ૧૨૨૩૫, ૧૨૧૩૬, ૧૨૨૯૫, ૧૨૪૨૮, ૧૨૫૭૮ અને ૧૨૬૩૩ (છેલ્લા ચાર સાથે) ના જવાબ આપવામાં આવ્યા.

સમયના અભાવે પ્રશ્નો ક્રમાંક ૧૨૧૬૬, ૧૨૪૮૨, ૧૨૬૮૪, ૧૧૦૮૩, ૧૨૨૪૯, ૧૨૩૭૨, ૧૨૩૭૫, ૧૨૩૯૭, ૧૨૬૭૩, ૧૨૬૭૪ અને ૧૧૭૩૭ અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્ન ક્રમાંક ૧૧૯૯૬ મુલતવી રાખવામાં આવ્યો.

૨. વિ. સ. સ., શ્રી ગંગારામ ચુ. રાવળની નિયમ ૯૪ અન્વયેની ચર્ચા સભ્યશ્રીની ગેરહાજરીને કારણે લઈ શકાઈ નહિ.

૩. સન ૧૯૬૫નું સુરત યુનિવર્સિટી બાબતનું વિધેયક (સન ૧૯૬૫નું ૨૮મું)ની તા. ૨-૧૨-૬૫ના રોજ અધૂરી રહેલી ચર્ચા તેમજ બીજા વાચનની ચર્ચા પૂરી થઈ.

વિરોધ પક્ષના નેતા, શ્રી ભાઈલાલભાઈ દ્યા. પટેલે ગૃહના નેતાશ્રીને સૂચન કર્યું કે આ વિધેયક પરની ચર્ચા માટે એક દિવસ વધુ આપવો અને ચર્ચા આજે પૂરી કરવાને બદલે સોમવાર, તા. ૬ઠ્ઠી ડિસેમ્બર, ૧૯૬૫ના રોજ પૂરી કરવી અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી વિધેયક પરની ચર્ચા જે સોમવારે શરૂ કરી ગુરૂવારે પૂરી કરવાની હતી તે મંગળવારે શરૂ કરી શુક્રવારે પૂરી કરવી. ગૃહના નેતાશ્રી આ સૂચન સાથે સંમત થયા. સભાગૃહ પણ આ સૂચન સાથે સંમત થતાં ચર્ચા મુલતવી રહી.

## સોમવાર, તા. ૬ઠ્ઠી ડિસેમ્બર, ૧૯૬૫.

૧. સોળમી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૧૧૫૦૮, ૧૨૨૭૯, ૧૨૫૬૫, ૧૦૬૭૩, ૧૦૬૫૬, ૧૧૮૯૭, ૧૨૫૩૪, ૧૨૨૫૫, ૧૨૮૪૧, ૧૨૭૧૮, ૧૨૬૮૨, ૧૦૩૧૨, ૧૨૪૦૫, ૧૨૬૪૩, અને ૧૧૬૯૪ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યશ્રીઓના પ્રશ્નો ક્રમાંક ૧૨૩૨૩, ૧૨૪૯૩, ૯૧૫૪, ૧૧૫૨૬, ૧૨૦૭૦, ૧૨૦૮૩, ૧૦૪૯૭, ૧૨૫૧૦, તેમજ સમયના અભાવે પ્રશ્નો ક્રમાંક ૧૨૦૦૯, ૧૨૫૧૭, ૧૨૨૫૮, ૧૨૧૫૪, ૧૨૪૧૪, ૧૨૭૪૪, ૧૨૩૨૫, ૧૨૭૫૪, ૧૨૮૪૨, ૧૧૭૫૪, ૧૨૪૦૨ અને ૧૨૪૬૩ અતારાંકિત ગણવામાં આવ્યા.

૨. વિ. સ. સ. યુવરાજ શ્રી મનોહરસિંહજી પ્ર. જાડેજાએ નિયમ ૯૪ અન્વયે, રાજકોટ તાલુકાના ત્રંબા, અણીઆરા, મહીકા, ગઢડા, વડાળી અને પાડાસણ ગામોનાં ખેડૂતોએ ખેતી માટે કૂવા પર મૂકેલ ઈલેક્ટ્રિક મોટરો પૈકીની ૨૭ મોટરો છેલ્લા એકજ માસમાં વિદ્યુત બોર્ડની વીજળી આપવામાં બેદરકારીથી બળી જવાને કારણે વધુ અનાજ ઉગાડવાની ઝુંબેશને પહોંચેલી અસર અને તે અંગે રાજ્ય સરકારે લીધેલાં પગલાં તરફ વીજળી ખાતાના મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું. વીજળી ખાતાના નાયબ મંત્રીશ્રીએ તેમનું નિવેદન વાંચી સંભળાવ્યું.

(૧) સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક ૨૮—સન ૧૯૬૫નું સુરત યુનિવર્સિટી બાબતનું વિધેયક પસાર કરવામાં આવ્યું.

### મંગળવાર, તા. ૭મી ડિસેમ્બર, ૧૯૬૫.

૧. ટૂંકી મુદતનો પ્રશ્ન ક્રમાંક ૧૩૦૪૬, તા. ૩૦મી નવેમ્બર, ૧૯૬૫ના રોજ બારમી તારાંકિત યાદીમાંથી મુલતવી રાખવામાં આવેલ પ્રશ્ન ક્રમાંક ૯૩૦૭ તેમજ સત્તરમી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૧૧૦૨૯, ૧૦૯૬૪, ૧૨૧૩૦, ૧૨૪૯૭, ૧૨૫૬૦, ૧૨૩૩૩, ૧૧૭૩૨ (છેલ્લા બે સાથે) ૧૦૧૫૯, ૧૧૫૧૭, ૧૨૪૬૮, ૧૨૨૬૮, ૧૨૨૯૪, ૧૧૩૦૪ (છેલ્લા બે સાથે), ૧૨૬૦૮, ૧૨૫૬૪, ૧૨૩૪૬, ૧૦૮૧૮, ૧૧૫૧૮ અને ૧૨૭૨૪ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્નો ક્રમાંક ૧૦૦૩૬, ૧૨૨૧૧, ૧૨૮૮૨, ૧૦૨૬૫, ૧૦૪૮૯, તેમજ ૧૨૬૧૪ તેમજ સમયના અભાવે પ્રશ્નો ક્રમાંક ૧૨૫૪૭, ૧૨૧૩૦, ૧૨૩૮૯, ૧૨૪૦૯, ૧૨૭૩૫, ૧૨૬૫૭, ૧૨૬૬૭, ૧૨૬૭૫, ૧૨૭૫૧ તેમજ ૧૨૭૯૯ અતારાંકિત ગણવામાં આવ્યા.

૨. યુવરાજ શ્રી મનોહરસિંહજી પ્ર. જાડેજાએ નિયમ ૯૪ અન્વયે, ગુજરાત રાજ્યના ભૂતપૂર્વ મુખ્ય મંત્રી શ્રી બળવંતરાય ગો. મહેતા અને તેમની સાથે મુસાફરી કરતી મંડળીના સભ્યોનું તા. ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૬૫ના રોજ વિમાની દુર્ઘટનામાં થયેલું અવસાન અને આ મુસાફરી અંગે સરકારે કરેલા સલામતીના પ્રબંધ બાબત મુખ્ય મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું. ગૃહખાતાના નાયબ મંત્રીશ્રીએ તેમનું નિવેદન વાંચી સંભળાવ્યું.

૩. ગૃહખાતાના નાયબ મંત્રીશ્રીએ ગુજરાત તકેદારી કમિશનનો પહેલો વાર્ષિક અહેવાલ અને તકેદારી કમિશનની સલાહ સરકારે સ્વીકારી છે કે નહીં તે બાબતની યાદી વિધાનસભાના મેજ પર મૂકી.

૪. શિક્ષણ મંત્રીશ્રીએ સન ૧૯૬૫નું વિ.સ. વિધેયક ક્રમાંક ૪૯ સન ૧૯૬૫નું સૌરાષ્ટ્ર-યુનિવર્સિટી બાબતનું વિધેયક રજૂ કર્યું.

યુવરાજ શ્રી મનોહરસિંહજી પ્ર. જાડેજાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો કે યુનિવર્સિટીના સ્થળ અંગે વિધેયકમાં નિર્દેશ કર્યો ન હોવાથી તે ઓર્ડરમાં નથી. અધ્યક્ષશ્રીએ પોઈન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કર્યો. વિધેયક દાખલ કરવામાં આવ્યું. મંત્રીશ્રીના પ્રવચન બાદ પહેલા વાચન પર ચર્ચા થઈ. વિધેયક પરની પહેલા વાચનની ચર્ચા અધૂરી રહી.

### બુધવાર, તા. ૮મી ડિસેમ્બર, ૧૯૬૫.

૧. અઢારમી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૧૨૨૫૭, ૧૨૧૬૮, ૧૨૬૯૩, ૧૨૬૯૪, ૧૨૩૯૩, ૧૨૧૨૯, ૧૨૯૭૧, ૧૨૨૭૮, ૧૨૭૩૬, ૧૨૦૪૯, ૧૨૯૭૦, ૧૨૯૧૩, ૧૧૨૨૬, ૧૨૦૭૧, ૧૨૭૨૭, ૧૨૨૬૧, ૧૨૩૦૨, ૧૨૦૯૪, ૧૨૩૨૯, ૧૨૯૬૬, ૧૨૩૦૭, ૧૧૭૬૨, ૧૨૬૧૫, ૧૨૩૯૨, ૧૧૦૯૧, ૧૨૩૯૯ તેમજ ૧૨૬૪૪ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યશ્રીઓના પ્રશ્નો ક્રમાંક ૧૨૬૯૦, ૧૨૭૮૧, ૧૦૨૩૯, ૧૨૪૩૪, ૧૨૨૪૧, ૧૧૫૬૬ અને ૧૨૧૮૯ અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્ન ક્રમાંક ૧૨૨૨૮ના જેવા પ્રશ્નનો ગઈકાલ તા. ૭-૧૨-૬૫ના રોજ જવાબ આપવામાં આવેલ હોવાથી તે પાસ ઓવર કરવામાં આવ્યો.

૨. સન ૧૯૬૫નું સૌરાષ્ટ્ર યુનિવર્સિટી બાબતનું વિધેયક (સન ૧૯૬૫નું ૪૯મું)ની તા. ૭-૧૨-૬૫ના રોજ અધૂરી રહેલી પહેલા વાચન પરની ચર્ચા શરૂ થઈ. ચર્ચા અધૂરી રહી.

ગુરૂવાર, તા. ૯મી ડિસેમ્બર, ૧૯૬૫.

૧. ટૂંકી મુદતનો પ્રશ્ન ક્રમાંક ૧૩૦૦૩, તા. ૨૩-૧૧-૧૯૬૫ના રોજ સાતમી તારાંકિત યાદીમાંથી મુલતવી રાખવામાં આવેલ પ્રશ્ન ક્રમાંક ૧૧૯૦૧, તેમજ ઓગણીસમી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૧૨૨૬૯, ૧૧૫૭૨, ૧૨૨૬૦, ૧૨૦૪૪ (છેલ્લા ચાર સાથે) ૧૦૮૧૧, ૧૨૫૧૬, ૧૨૫૪૦, ૧૨૩૬૦ તેમજ ૧૨૫૯૧ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્નો ક્રમાંક ૧૨૧૪૮ તેમજ ૧૨૨૪૦ તેમજ સમયના અભાવે પ્રશ્નો ક્રમાંક ૧૨૮૫૬, ૧૨૪૩૨, ૧૨૭૬૭ તેમજ ૧૨૪૪૩ અતારાંકિત ગણવામાં આવ્યા.

છઠ્ઠી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી, જેમાં નીચે જણાવેલા ક્રમાંકના પ્રશ્નો અને ઉત્તરોનો સમાવેશ થયો હતો.

૧૦૪૦૯, ૧૦૬૭૨, ૧૦૮૨૧, ૧૧૦૯૫, ૧૧૦૯૮, ૧૧૩૩૧, ૧૧૪૮૫, ૧૧૪૯૦, ૧૧૬૨૨, ૧૧૭૩૩, ૧૧૮૪૦, ૧૧૮૭૨, ૧૧૯૮૫, ૧૨૦૬૬, ૧૨૦૮૫, ૧૨૧૦૩, ૧૨૧૫૯, ૧૨૧૮૫, ૧૨૨૦૩, ૧૨૨૦૬, ૧૨૩૭૧, ૧૨૩૭૪, ૧૨૩૭૬, ૧૨૩૯૦, ૧૨૪૦૧, ૧૨૪૪૬, ૧૨૫૨૦, ૧૨૫૫૬, ૧૨૫૬૨, ૧૨૫૭૬, ૧૨૬૦૦, ૧૨૬૪૦, ૧૨૭૬૨, ૧૨૯૦૪, ૧૨૯૮૧.

૨. સન ૧૯૬૫નું સૌરાષ્ટ્ર યુનિવર્સિટી બાબતનું વિધેયક (સન ૧૯૬૫નું ૪૯મું)ની ગઈકાલ તા. ૮-૧૨-૬૫ના રોજ પહેલા વાચન પરની અધૂરી રહેલી ચર્ચા શરૂ થઈ. ચર્ચા અધૂરી રહી.

શુક્રવાર, તા. ૧૦મી ડિસેમ્બર, ૧૯૬૫.

૧. ટૂંકી મુદતનો પ્રશ્ન ક્રમાંક ૧૩૦૪૨ તેમજ વીસમી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૧૧૭૫૧, ૧૨૩૩૪, ૧૨૪૭૫, ૧૨૦૭૩, ૧૨૨૧૬, ૧૨૦૨૧, ૧૨૪૮૬, ૧૨૫૬૬, ૧૧૦૬૦, ૧૨૦૮૯, ૧૨૪૩૭, ૧૨૨૫૦ (છેલ્લા બે સાથે) ૧૨૯૬૫, ૧૨૨૨૧, તેમજ ૧૨૨૫૦ના જવાબ આપવામાં આવ્યા.

પ્રશ્ન ક્રમાંક ૧૨૫૮૬ના જેવા પ્રશ્નનો તા. ૨૪-૧૧-૧૯૬૫ના રોજ જવાબ આપવામાં આવેલ હોવાથી તે પાસ ઓવર કરવામાં આવ્યો.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્નો ક્રમાંક ૧૨૭૮૩ તેમજ ૧૨૮૦૦ અતારાંકિત ગણવામાં આવ્યા.

૨. સન ૧૯૬૫ના વિ.સ. વિધેયક ક્રમાંક ૪૯ સન ૧૯૬૫નું સૌરાષ્ટ્ર યુનિવર્સિટી બાબતના ત્રીજા વાચન સમયે શ્રી રતિભાઈ ઉ. પટેલે નિયમ ૧૨૧ અન્વયે વાંધો ઉઠાવ્યો કે આ વિધેયકમાં સુધારા મંજૂર થયા હોવાથી તેનું ત્રીજું વાચન આજે મુલતવી રાખવામાં આવે. શ્રી બાબુભાઈ પ્રા. વૈદ્ય, શ્રી નરભેશંકર ના. પાણેરી, શ્રી ગોકળદાસ ડો. પરમાર, શ્રી છબીલદાસ પ્રા. મહેતા તથા શિક્ષણ મંત્રી શ્રીમતી ઈન્દુમતી ચીમનલાલે આ બાબતમાં તેમનાં મંતવ્યો રજૂ કર્યાં. ત્યારબાદ અધ્યક્ષશ્રીએ નિયમ ૧૨૧માં એમને સોંપવામાં આવેલા અધિકારો અન્વયે વાંધો નામંજૂર કર્યો. વિધેયક પસાર કરવામાં આવ્યું.

સોમવાર, તા. ૧૩મી ડિસેમ્બર, ૧૯૬૫.

૧. નીચેનાં સરકારી વિધેયકો પસાર કરવામાં આવ્યાં :—

(૧) સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક ૪૭—સન ૧૯૬૫નું મુંબઈ વેચાણવેરા (ગુજરાત દ્વિતીય સુધારા) વિધેયક.

(૨) સન ૧૯૬૫નું વિ.સ. વિધેયક ક્રમાંક ૫૦—સન ૧૯૬૫નું ગુજરાત હાઈકોર્ટની (હકૂમતમાં સમાનતા લાવવા) બાબતનું વિધેયક.

૨. વિ.સ.સ. શ્રી મનમોહનદાસ ભ. દેસાઈએ નિયમ ૯૦ અન્વયે, ગુજરાત સરકારના ચોખાની લેવી અંગેના તા. ૧૧મી ઓકટોબર, ૧૯૬૫ના હુકમ અને ત્યારબાદ રાજ્ય સરકારના માહિતી ખાતાની તે અંગેની સમજૂતી આપતી જાહેરાત અને બીજા હુકમોથી ડાંગરના ઉત્પાદન અને ખેડૂતોની આર્થિક સ્થિતિ પર થતી પ્રતિકૂળ અસર અંગે ટૂંક સમયની ચર્ચા શરૂ કરી. ચર્ચાનો જવાબ નાગરિક પુરવઠા ખાતાના મંત્રીશ્રીએ આપ્યો. ચર્ચા પૂરી થઈ.

મંગળવાર, તા. ૧૪મી ડિસેમ્બર, ૧૯૬૫.

૧. આરોગ્ય મંત્રીશ્રીએ સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક નં.૩૦—સન ૧૯૬૫નું ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી બાબતનું વિધેયક રજૂ કર્યું. વિ. સ. સ., શ્રી રતિભાઈ ઉ. પટેલે પોઈન્ટ ઓફ ઓર્ડર રજૂ કર્યો કે આ વિધેયકમાં "કલોઝ" અને "સેકશન" એ શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો છે અને એકવાકયતા જાળવવામાં આવી નથી તેથી તે ઓર્ડરમાં નથી. અધ્યક્ષશ્રીએ આરોગ્ય મંત્રીશ્રીનું મંતવ્ય સાંભળ્યા બાદ પોઈન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કર્યો. ત્યારબાદ વિ.સ.સ. યુવરાજ શ્રી મનોહરસિંહજી પ્ર. જાડેજાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો કે આ વિધેયકમાં શિક્ષણ તેમજ પરીક્ષાના માધ્યમ બાબતમાં ઉલ્લેખ કરવામાં આવ્યો નથી તેથી તે ઓર્ડરમાં નથી. પોઈન્ટ ઓર્ડર ઉપર વિ.સ.સ. શ્રી રમણલાલ ના. પટેલ, વિ.સ.સ. શ્રી છબીલદાસ પ્રા. મહેતા તેમજ આરોગ્ય મંત્રી શ્રી મોહનલાલ પો. વ્યાસે તેમનાં મંતવ્યો રજૂ કર્યાં. અધ્યક્ષશ્રીએ પોઈન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કર્યો. પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ થયો. મંત્રીશ્રીના પ્રવચન બાદ પહેલા વાચન પર ચર્ચા શરૂ થઈ. ચર્ચા અધૂરી રહી.

૨. તા. ૧૪મી ડિસેમ્બર, ૧૯૬૫ના રોજ મળેલી કામકાજ સલાહકાર સમિતિની ભલામણો ગૃહે મંજૂર કરી.

બુધવાર, તા. ૧૫મી ડિસેમ્બર, ૧૯૬૫.

૧. ડૉ. તાહેરઅલી અબ્દુલઅલીના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ થયો અને સદ્દગતને અંજલિ આપવામાં આવી.

૨. સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક ૩૦—સન ૧૯૬૫ના ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી બાબતના વિધેયક તા. ૧૫મી ડિસેમ્બર, ૧૯૬૫ના રોજ પહેલા વાચનની અધૂરી રહેલી ચર્ચા શરૂ કરી. પહેલા વાચન પરની ચર્ચા અધૂરી રહી.

ગુરૂવાર, તા. ૧૬મી ડિસેમ્બર, ૧૯૬૫.

૧. સહકાર મંત્રીશ્રીએ ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડનો સન ૧૯૬૪-૬૫નો અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકયો.

૨. સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક ૩૦—સન ૧૯૬૫ના ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી બાબતના વિધેયક (સન ૧૯૬૫નું ૩૦મું)ની પહેલા વાચનની તા. ૧૫મી ડિસેમ્બર, ૧૯૬૫ના રોજ અધૂરી રહેલી ચર્ચા શરૂ થઈ. પહેલા વાચન પરની ચર્ચા અધૂરી રહી.

૩. સન ૧૯૬૫નું વિ.સ. વિધેયક ક્રમાંક ૪૫—સન ૧૯૬૫નું મુંબઈ મોટર વાહન (ઉતારૂઓ પર કર) બાબતનું (ગુજરાત દ્વિતીય સુધારા) વિધેયક પસાર કરવામાં આવ્યું.

**શુક્રવાર, તા. ૧૭મી ડિસેમ્બર, ૧૯૬૫.**

૧. ગૃહ નિર્માણ મંત્રી, શ્રી મોહનલાલ પો. વ્યાસે ગુજરાત ગૃહ નિર્માણ બોર્ડનો સન ૧૯૬૪-૬૫નો વહીવટી અહેવાલ વિધાન સભાના મેજ ઉપર મૂકયો.

૨. સન ૧૯૬૫નું વિ.સ. વિધેયક ક્રમાંક ૩૦—સન ૧૯૬૫નું ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી બાબતનું વિધેયક પસાર કરવામાં આવ્યું.

**સોમવાર, તા. ૨૦મી ડિસેમ્બર, ૧૯૬૫.**

૧. ટૂંકી મુદતના પ્રશ્નો ક્રમાંક ૧૩૦૬૯, ૧૩૦૮૬ તેમજ તા. ૮-૧૨-૧૯૬૫ના રોજ અઢારમી તારાંકિત યાદીમાંથી મુલતવી રાખવામાં આવેલ પ્રશ્ન ક્રમાંક ૧૨૨૫૭ના જવાબ આપવામાં આવ્યા. તા. ૩-૧૨-૬૫ના રોજ ૧૫મી તારાંકિત યાદીમાંથી મુલતવી રાખવામાં આવેલા પ્રશ્ન ક્રમાંક ૧૧૯૯૬ અને તા. ૧૬-૧૧-૬૫ના રોજ ત્રીજી તારાંકિત યાદીમાંથી મુલતવી રાખવામાં આવેલા પ્રશ્નો ક્રમાંક ૧૧૯૯૭ તેમજ ૧૧૯૯૮ પૂછવામાં આવ્યા નહીં.

૨. વિ.સ.સ., શ્રી બદરૂદ્દીન અ. બ્લ્યુએ નિયમ ૯૪ અન્વયે મહેસાણા જિલ્લામાંથી ભેંસોની નિકાસ પર મૂકેલાં નિયંત્રણોથી ભેંસોના વેપારીઓ તથા પશુપાલકોમાં પ્રવર્તતી અસંતોષની લાગણી અને તે બાબતમાં રાજ્ય સરકારે લીધેલાં પગલાં તરફ ખેતીવાડી ખાતાના માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું. ખેતીવાડી ખાતાના નાયબ મંત્રીશ્રીએ તેમનું નિવેદન વાંચી સંભળાવ્યું.

૩. નાણામંત્રીશ્રીએ સન ૧૯૬૪-૬૫ના ગુજરાત સરકારના નાણાકીય અને વિનિયોગ હિસાબો તેમજ તે પરનો ઓડિટ રિપોર્ટ વિધાનસભાના મેજ ઉપર મૂકયા.

૪. વિ.સ.સ., શ્રી ગંગારામ ચુ. રાવળ અને વિ.સ.સ. શ્રી શાંતુભાઈ ચુ. પટેલ ગેરહાજર હોવાથી તેમનો વૈધાનિક પ્રસ્તાવ ચર્ચા માટે રજૂ કરવામાં આવ્યો નહીં.

૫. તા. ૩૦મી નવેમ્બર, ૧૯૬૫ના રોજ નિયમો માટેની સમિતિએ ભલામણ કર્યા પ્રમાણેના ગુજરાત વિધાનસભાના નિયમો પરની અધૂરી રહેલી ચર્ચાની નિયમવાર વિચારણા શરૂ થઈ.

નિયમ ૫૬, ૫૮, ૫૮-અ, ૫૯ થી ૭૦, ૭૨, ૭૪ થી ૭૬ અને ૮૦ મંજૂર કરવામાં આવ્યા.

નિયમ ૫૭ અને ૭૯ સુધારેલા રૂપમાં મંજૂર કરવામાં આવ્યા. નિયમ ૭૧, ૭૩, ૭૭ અને ૭૮ કોઈપણ સુધારા વગર મંજૂર કરવામાં આવ્યા.

૬. વિ.સ.સ., શ્રી બ્રહ્મકુમાર ૨. ભટ્ટે નિયમ ૯૦ અન્વયે, ગુજરાત રાજ્યમાં મળી આવેલા બોકસાઈટના વિપુલ જથ્થામાંથી એલ્યુમિનિયમનું ઉત્પાદન કરવા માટે રાજ્યમાં જ કારખાનું સ્થાપવામાં આવશે તેવી રાજ્ય મિનરલ ડેવલપમેન્ટ કોરપોરેશનના પ્રમુખની જાહેરાત છતાં, તાજેતરમાં આવું કારખાનું કેરળમાં સ્થાપવા માટેના કેન્દ્ર સરકારે લીધેલા નિર્ણયથી ઉપસ્થિત થતી પરિસ્થિતિ અંગે ટૂંક સમયની ચર્ચા શરૂ કરી. ચર્ચાનો જવાબ ઉદ્યોગ ખાતાના માનનીય મંત્રીશ્રીએ આપ્યો. ચર્ચા પૂરી થઈ.

૭. તા. ૨૦મી ડિસેમ્બર, ૧૯૬૫ના રોજ મળેલી કામકાજ સલાહકાર સમિતિની ભલામણો ગૃહે મંજૂર કરી.

મંગળવાર, તા. ૨૧મી ડિસેમ્બર, ૧૯૬૫.

૧. ટૂંકી મુદતના પ્રશ્નો ક્રમાંક ૧૪૦૩૭ તેમજ ૧૩૦૯૩ના જવાબ આપવામાં આવ્યા.

૨. સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના અહેવાલની રજૂઆત કરવામાં આવી અને ચાર સભ્યોને ગેરહાજર રહેવાની મંજૂરી સભાગૃહે આપી.

૩. બિનસરકારી સભ્યોનાં વિધેયકો અને સંકલ્પો માટેની સમિતિનો સત્તાવીસમો અહેવાલ સભાગૃહે માન્ય રાખ્યો.

૪. સન ૧૯૬૫નું વિ.સ. વિધેયક ક્રમાંક ૫૫—સન ૧૯૬૫નું મુંબઈ (વજન અને માપ)ને અમલમાં લાવવા બાબતનું (ગુજરાત સુધારા) વિધેયક પસાર કરવામાં આવ્યું.

૫. તા. ૨૦મી ડિસેમ્બર, ૧૯૬૫ના રોજ નિયમો માટેની સમિતિએ ભલામણ કર્યા પ્રમાણેના ગુજરાત વિધાનસભાના નિયમો પરની અધૂરી રહેલી ચર્ચાની નિયમવાર વિચારણા શરૂ થઈ.

નિયમ ૮૧, ૮૨, ૮૭, ૮૮, ૮૯, ૯૧ થી ૯૪, ૯૬ થી ૧૦૫, ૧૦૭, ૧૦૮ મંજૂર કરવામાં આવ્યાં નિયમ ૮૩ તેમજ ૮૪ સુધારેલા રૂપમાં મંજૂર કરવામાં આવ્યા. નિયમ ૮૫, ૮૬, ૯૦, ૯૫ તેમજ ૧૦૬ કોઈપણ સુધારા વગર મંજૂર કરવામાં આવ્યા. નિયમવાર ચર્ચા અધૂરી રહી.

૬. વિ.સ.સ., યુવરાજ શ્રી મનોહરસિંહજી પ્ર. જાડેજાએ નિયમ ૯૦ અન્વયે, રાજ્યમાં ધોરણ ૫, ૬ અને ૭માં અંગ્રેજી શીખવવા માગતી શાળાઓને ફી વધારવાની છૂટ આપતા સરકારનાં પગલાંને કારણે ઉપસ્થિત થતી પરિસ્થિતિ અંગે ટૂંક સમયની ચર્ચા શરૂ કરી. ચર્ચાનો જવાબ શિક્ષણ મંત્રીશ્રીએ આપ્યો. ચર્ચા પૂરી થઈ.

બુધવાર, તા. ૨૨મી ડિસેમ્બર, ૧૯૬૫.

૧. કામદાર ખાતાના મંત્રીશ્રીએ ગુજરાત કામદાર કલ્યાણ મંડળની સન ૧૯૬૪-૬૫નો અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકયો.

૨, વિ.સ.સ. શ્રી છબીલદાસ પ્રા. મહેતાએ સંકલ્પ રજૂ કર્યો કે રાજ્યમાં તમામ પ્રકારના અનાજ-કઠોળ જેવાં કે ઘઉં, ચોખા, ચણા વગેરેની સરકાર મારફત થતી ખરીદ, વેચાણ, લેવી અને વહેંચણીની વ્યવસ્થા અંગે તપાસ કરી આ વ્યવસ્થાને સરળ બનાવવા તથા નફા અને ખર્ચનું યોગ્ય પ્રમાણ ઠરાવવા માટે ભલામણ કરવા એક સમિતિની નિમણૂક કરવા આ વિધાનસભાગૃહ રાજ્ય સરકારને ભલામણ કરે છે. સંકલ્પ પર ચર્ચા થઈ. ચર્ચાનો જવાબ નાગરિક પુરવઠા ખાતાના મંત્રીશ્રીએ આપ્યો. ચર્ચા બાદ સંકલ્પ સભા ગૃહની મંજૂરીથી પાછો ખેંચી લેવામાં આવ્યો.

૩. વિ. સ. સ. શ્રી શાંતુભાઈ ચુ. પટેલે સંકલ્પ રજૂ કર્યો કે ગુજરાત રાજ્યમાં જ્યાં કપાસનું વાવેતર થાય છે તેમાં ગામડાંઓ અને નાનાં શહેરોમાં કપાસનું રૂપાંતર કરવા માટે સોસાયટીઓની જીનિંગ અને પ્રેસિંગ ફેકટરીઓ અને ખાનગી જીનિંગ ફેકટરીઓ હોય છે. આવી ફેકટરીઓમાં બાંધકામ કરતી વખતે ખુલ્લી જમીન ઘણા જ મોટા પ્રમાણમાં રાખવી પડે છે. આ ખુલ્લી જમીન ઉપર બાંધકામ ઉપર જે દરે એન.એ. એસેસમેન્ટ લેવામાં આવે છે તે જ દરે ખુલ્લી જમીન ઉપરનું પણ એસેસમેન્ટ લેવામાં આવે છે. આ એન. એ. એસેસમેન્ટનો દર ઘણો વધારે હોવાથી ખુલ્લી જમીન ઉપર એન. એ. એસેસમેન્ટ નોમિનલ રાખવા

આ વિધાનસભાગૃહ રાજ્ય સરકારને ભલામણ કરે છે. સંકલ્પ પર ચર્ચા થઈ. ચર્ચાનો જવાબ મહેસૂલ ખાતાના નાયબ મંત્રીશ્રીએ આપ્યો. ચર્ચા બાદ સભાગૃહની મંજૂરીથી સંકલ્પ પાછો ખેંચી લેવામાં આવ્યો.

૪. વિ.સ.સ. શ્રી નાગજીભાઈ ગો. આર્યે સંકલ્પ રજૂ કર્યો કે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની આગામી જન્મશતાબ્દિ સુધીમાં દેશભરમાંથી અસ્પૃશ્યતાનો અંત લાવવાનો અને સામાજિક નિર્માણ કરવાનો શકવર્તી આદર્શ સંસ્થાપવાનો રાષ્ટ્રે સંકલ્પ કર્યો છે. આ સમય સુધીમાં ગુજરાત રાજ્યમાંથી પણ અસ્પૃશ્યતાનો અંત લાવવા અને તે માટેનાં જરૂરી પગલાં લેવા આ વિધાનસભાગૃહ રાજ્ય સરકારને ભલામણ કરે છે. સંકલ્પ પર ચર્ચા થઈ. ચર્ચાનો જવાબ શિક્ષણ મંત્રીશ્રીએ આપ્યો. ચર્ચા બાદ પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તે મંજૂર કરવામાં આવ્યો.

૫. વિ.સ.સ. શ્રી મણિલાલ મં. કાશીવાળાએ સંકલ્પ રજૂ કર્યો કે ગુજરાતનાં શહેર, શહેર શાખા, નગર કક્ષા-૧, નગર કક્ષા-૨ ગ્રંથાલયને સ્વીકાર્ય ખર્ચના ૫૦ ટકા તથા ગ્રામ ગ્રંથાલય, મહિલા ગ્રંથાલય અને બાળ ગ્રંથાલયને સ્વીકાર્ય ખર્ચના અનુક્રમે ૬૦, ૬૬ ૨/૩ અને ૭૫ ટકા મદદ આપવાનું જે ધોરણ સાર્વજનિક ગ્રંથાલયોની માન્યતા અને સહાયક ગ્રાન્ટ અંગેના બહાર પાડવામાં આવેલા નવા નિયમોમાં ઠરાવ્યું છે તે ધોરણ સર્વે ગ્રંથાલયોને માટે એકસરખું ૭૫ ટકા રાખવા તથા સરકારી મદદ મંજૂર થયેલ ખાધ કરતાં વધે નહિ તે ધોરણ રજૂ કરી સ્વીકાર્ય ખર્ચના ૭૫ ટકા સરકારી મદદ આપવા આ વિધાનસભાગૃહ રાજ્ય સરકારને ભલામણ કરે છે. સંકલ્પ પર ચર્ચા થઈ. ચર્ચાનો જવાબ શિક્ષણ મંત્રીશ્રીએ આપ્યો. ત્યારબાદ સભાગૃહની મંજૂરીથી સંકલ્પ પાછો ખેંચી લેવામાં આવ્યો.

૬. વિ.સ.સ. શ્રી સુમિત્રાબહેન હ. ભટ્ટે સંકલ્પ રજૂ કર્યો કે બાળ શિક્ષણ એ કેળવણીનો પાયો છે અને બાળમંદિર તેને માટેનું સાધન છે. આ સાધનને સુવ્યવસ્થિત બનાવવા અને તેનું સંચાલન સરળતાથી ચાલે તે માટે સરકારનું નિયમન હોવું જરૂરી છે. તેથી રાજ્યના દરેક બાળમંદિર માટે એક સરખી નીતિ અને નિયમો તૈયાર કરવા આ વિધાનસભાગૃહ રાજ્ય સરકારને ભલામણ કરે છે. સંકલ્પ પર ચર્ચા થઈ. ચર્ચાનો જવાબ શિક્ષણ મંત્રીશ્રીએ આપ્યો. ત્યારબાદ સભાગૃહની મંજૂરીથી સંકલ્પ પાછો ખેંચી લેવામાં આવ્યો.

૭. વિ.સ.સ. શ્રી નટવરલાલ અ. પટેલે નિયમ ૮૩ અન્વયે કડીની દુર્ગા કોટન મિલ બંધ થવા બાબતના સોળમી તારાંકિત યાદીમાંના સભ્ય શ્રી મનુભાઈ હ. પાલખીવાળાના પ્રશ્ન ક્રમાંક ૧૨૮૪૧ (અગ્રતા ક્રમાંક ૧૧)ના સરકારે તા. ૬-૧૨-૬૫ના રોજ આપેલા જવાબ ઉપરથી ઉપસ્થિત થતી પરિસ્થિતિ બાબત પર અર્ધા કલાકની ચર્ચા ઉપસ્થિત કરી. ચર્ચાનો જવાબ કામદાર ખાતાના મંત્રીશ્રીએ આપ્યો. ચર્ચા પૂરી થઈ.

### ગુરૂવાર, તા ૨૩મી ડિસેમ્બર, ૧૯૬૫.

૧. ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક ૧૪૧૧૬નો જવાબ આપવામાં આવ્યો. ગેરહાજર રહેલા સભ્યનો ટૂંકી મુદતનો પ્રશ્ન ક્રમાંક ૧૪૧૧૫ અતારાંકિત ગણવામાં આવ્યો.

૨. તા. ૨૧મી ડિસેમ્બર, ૧૯૬૫ના રોજ નિયમો માટેની સમિતિએ ભલામણ કર્યા પ્રમાણેના ગુજરાત વિધાનસભાના નિયમો પરની અધૂરી રહેલી નિયમવાર વિચારણા શરૂ થઈ.

નિયમ ૧૨૪, ૧૩૯ અને ૨૨૩ કોઈપણ સુધારા વગર મંજૂર કરવામાં આવ્યા.

નિયમ ૧૦૯ થી ૧૧૪, ૧૧૭ થી ૧૨૩, ૧૨૫ થી ૧૩૮, ૧૪૧ થી ૧૪૭, ૧૪૯ થી ૧૮૮, ૧૯૦, ૧૯૩ થી ૧૯૫, ૧૯૭ થી ૨૨૨ અને ૨૨૪ મંજૂર કરવામાં આવ્યા.

નિયમ ૧૧૫, ૧૧૬ અને પહેલી અનુસૂચિ ૧૪૦, ૧૪૮, ૧૮૯, ૧૯૧, ૧૯૨ અને ૧૯૬ તેમજ નિયમ ૨૨૫, ૨૩૦, ૨૩૭, ૨૫૧, ૨૬૮ અને ૨૭૯ સુધારેલા રૂપમાં મંજૂર કરવામાં આવ્યાં.

નિયમ ૨૨૬ થી ૨૨૯, ૨૩૧, ૨૩૪ થી ૨૩૬, ૨૩૮ થી ૨૫૦, ૨૫૨ થી ૨૬૭, ૨૬૯ થી ૨૭૮, ૨૮૦ થી ૨૮૮, બીજી અનુસૂચિ અને પત્રક મંજૂર કરવામાં આવ્યાં.

નાયબ કાયદા મંત્રીશ્રીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે સુધાર્યા પ્રમાણેના નિયમો મંજૂર કરવામાં આવે. સંસદીય સચિવ શ્રી કરીમજી ર. છીપાએ ૫૧ આનુષંગિક સુધારા રજૂ કર્યા. આનુષંગિક સુધારા મંજૂર કરવામાં આવ્યા. સુધાર્યા પ્રમાણેના નિયમો મંજૂર કરવામાં આવ્યા.

૩. વિ.સ.સ. યુવરાજ શ્રી મનોહરસિંહજી પ્ર. જાડેજાએ છેલ્લા દિવસનો પ્રસ્તાવ નિયમ ૨૫૪ અન્વયે રજૂ કર્યો કે રાજ્ય સરકારે રાજ્યમાં આવેલી માધ્યમિક શાળાઓને મદદ કરવાના હેતુથી જે અનુદાન સંહિતા ઘડી છે તેને કાયદાનો કોઈ સ્પષ્ટ આધાર તેમજ વિધાનસભાગૃહની કોઈ ખાસ મંજૂરી ન હોવાથી તેમજ અનુદાન સંહિતા દ્વારા શિક્ષણ ખાતાએ લીધેલી સત્તાઓ, તેનું ક્ષેત્ર અને તે વાપરવાની જોગવાઈઓ ઘણી વિશાળ અને વ્યાપક હોવાથી આ અનુદાન સંહિતાની ન્યાય અને તટસ્થતાના ધોરણે નવરચના કરી તેને વિધાન સભાગૃહની મંજૂરી માટે રજૂ કરવામાં આવે. વિ.સ.સ. યુવરાજ શ્રી મનોહરસિંહજી પ્ર. જાડેજાએ તેમનાં મંતવ્યો રજૂ કર્યાં. ચર્ચાનો જવાબ શિક્ષણ મંત્રી શ્રીમતી ઈન્દુમતી ચીમનલાલે આપ્યો. ચર્ચા પૂરી થઈ.

૪. સચિવશ્રીએ જે પાંચ વિધેયકોને રાષ્ટ્રપતિની તથા જે છ વિધેયકોને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી હતી તેનાં શીર્ષકો વાંચી સંભળાવ્યાં.

૫. નિયમ ૮૨ અન્વયે, પ્રશ્નો અને તેના ઉત્તરો જે સમયના અભાવે ગૃહ સમક્ષ મૂકવામાં આવ્યા ન હતા તેને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

૬. અધ્યક્ષશ્રીએ જાહેર કર્યું કે વિધાનસભાનું હવે પછીનું અધિવેશન મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યા પ્રમાણે તા. ૧૪મી ફેબ્રુઆરી, ૧૯૬૬ના રોજ બોલાવવા રાજ્યપાલશ્રીને ભલામણ કરવાનું સરકાર વિચારી રહી છે. ચોક્કસ તારીખ નક્કી થયે જણાવવામાં આવશે.

અધ્યક્ષશ્રીએ સત્ર સમાપ્તિ કરતો રાજ્યપાલશ્રીનો સંદેશો વાંચી સંભળાવ્યો.

**પત્રક ક્રમાંક-૨.**

**જુદી જુદી સમિતિઓ ઉપર સભ્યોની નિમણૂક**

| સમિતિનું નામ | સભ્યનું નામ | નિમણૂકની તારીખ |
|---|---|---|
| અરજી સમિતિ | ૧. શ્રી પ્રેમજી થોભણ લેઉઆ, પ્રમુખ | ૧૮-૧૧-૬૫ |
| | ૨. શ્રી બાબુભાઈ શીવરામ પટેલ, | |
| | ૩. શ્રીમતી શાંતાબેન યોગેન્દ્રકુમાર મકવાણા, | |
| | ૪. શ્રી દેવકરણ જીવણલાલ પોરાણીયા, | |
| | ૫. શ્રી બીપીનચંદ્ર મહાશંકર ભટ્ટ. | |

## પત્રક ક્રમાંક-૩

## અધ્યક્ષશ્રીએ નીમેલી પ્રમુખોની પેનલ

| અનુક્રમાંક | સભ્યોના નામ | નિમણૂકની તારીખ |
|---|---|---|
| ૧ | શ્રી ચંદ્રશંકર મણીશંકર ભટ્ટ, | ૧૬મી નવેમ્બર, ૧૯૬૫. |
| ૨ | શ્રી રમણિકલાલ ત્રિકમલાલ મણિયાર, | |
| ૩ | શ્રીમતી મદીનાબેન અકબરભાઈ નાગોરી, | |
| ૪ | શ્રી ગુલાબશંકર અમૃતલાલ ધોળકિયા. | |

પત્રક

સરકારી

| અનુ-ક્રમાંક | વિધેયકનું નામ | સરકારી ખાતાનું નામ | પ્રભારી સભ્યનું નામ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | સન ૧૯૬૪નું વિ. સ. વિધેયક ક્રમાંક ૧૫-સન ૧૯૬૪નું ગુજરાત નગર અને ગ્રામ્ય પ્રદેશના આયોજન બાબતનું વિધેયક. | પંચાયત અને આરોગ્ય ખાતું | શ્રી વજુભાઈ શાહ, મંત્રીશ્રી, સહકાર. |
| ૨ | સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક ૨૮-સન ૧૯૬૫નું સુરત યુનિવર્સિટી બાબતનું વિધેયક. | શિક્ષણ અને મજૂર ખાતું | શ્રીમતી ઈન્દુમતી ચીમનલાલ, મંત્રીશ્રી, શિક્ષણ. |
| ૩ | સન ૧૯૬૫નું વિ.સ. વિધેયક ક્રમાંક-૨૯-સન ૧૯૬૫નું ગુજરાત રાજમાર્ગો બાબતનું વિધેયક. | જાહેર બાંધકામ ખાતું | શ્રી વિજયકુમાર ત્રીવેદી, મંત્રીશ્રી, જાહેર બાંધકામ. |
| ૪ | સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક-૩૦-સન ૧૯૬૫નું ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી બાબતનું વિધેયક. | શિક્ષણ અને મજૂર ખાતું | શ્રી મોહનલાલ વ્યાસ, મંત્રીશ્રી, આરોગ્ય. |
| ૫ | સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક ૩૧-સન ૧૯૬૫નું સરદાર વલ્લભભાઈ વિદ્યાપીઠ (સુધારા) વિધેયક. | શિક્ષણ અને મજૂર ખાતું | શ્રીમતી ઈન્દુમતી ચીમનલાલ, મંત્રીશ્રી, શિક્ષણ. |
| ૬ | સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક ૩૫-સન ૧૯૬૫નું ગુજરાત નગરપાલિકા (બીજો સુધારો) વિધેયક. | પંચાયત અને આરોગ્ય ખાતું | શ્રી વજુભાઈ શાહ, મંત્રીશ્રી, સહકાર. |
| ૭ | સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક ૩૬-સન ૧૯૬૫નું ગુજરાત નવી રાજધાની (ઘેરાવા) નિયંત્રણ (સુધારા) વિધેયક. | જાહેર બાંધકામ ખાતું | શ્રી વિજયકુમાર ત્રીવેદી, મંત્રીશ્રી, જાહેર બાંધકામ. |
| ૮ | સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક ૪૧-સન ૧૯૬૫નું જમીન સંપાદન (મુંબઈ સુધારા) (રદ કરવા બાબતનું) વિધેયક. | મહેસૂલ ખાતું | શ્રી ઉત્સવભાઈ પરીખ, મંત્રીશ્રી, મહેસૂલ. |
| ૯ | સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક-૪૨ સન ૧૯૬૫નું ગુજરાત સ્થાનિક સંસ્થાઓ (કટોકટી માટેની જોગવાઈઓ કરવા) બાબતનું વિધેયક. | પંચાયત અને આરોગ્ય ખાતું | શ્રી વજુભાઈ શાહ, મંત્રીશ્રી, સહકાર. |

**ક્રમાંક-૪**

**વિધેયકો**

| દાખલ કર્યા તારીખ | પહેલાં વાચનની તારીખ | બીજા વાચનની તારીખ | ત્રીજા વાચનની તારીખ | સુધારા | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | જેની સૂચના મળી | જે રજૂ કરવામાં આવ્યા | જે પસાર કરવામાં આવ્યા | શેરો |
| ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૨-૧૨-૬૫ | ૨-૧૨-૬૫<br>૩-૧૨-૬૫ | ૩-૧૨-૬૫<br>અને<br>૬-૧૨-૬૫ | ૬-૧૨-૬૫ | ૧૪૩ | ૯૫ | ૨૨ | |
| ૧૪-૧૨-૬૫ | ૧૪-૧૨-૬૫<br>૧૫-૧૨-૬૫<br>૧૬-૧૨-૬૫<br>૧૭-૧૨-૬૫ | ૧૭-૧૨-૬૫ | ૧૭-૧૨-૬૫ | ૯૨ | ૧ | ૧ | |
| ૨૪-૧૧-૬૫ | ૨૪-૧૧-૬૫ | ૨૪-૧૧-૬૫ | ૨૪-૧૧-૬૫ | | | | |
| ૨૪-૧૧-૬૫ | ૨૪-૧૧-૬૫ | ૨૪-૧૧-૬૫ | ૨૪-૧૧-૬૫ | | | | |
| ૨૪-૧૧-૬૫ | ૨૪-૧૧-૬૫ | ૨૪-૧૧-૬૫ | ૨૪-૧૧-૬૫ | | | | |
| ૨૪-૧૧-૬૫ | ૨૪-૧૧-૬૫ | ૨૪-૧૧-૬૫ | ૨૪-૧૧-૬૫ | ૨ | ૧ | | |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૧૦ | સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક ૪૩-સન ૧૯૬૫નું ગુજરાત પંચાયત દ્વિતીય સુધારા વિધેયક. | નાણા ખાતું. | શ્રી માલદેવજી ઓડેદરા, મંત્રીશ્રી, નાણાં. |
| ૧૧ | સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક ૪૪-સન ૧૯૬૫નું ગુજરાત શિક્ષણ ઉપકર (દ્વિતીય સુધારા) વિધેયક. | " | " " |
| ૧૨ | સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક ૪૫-સન ૧૯૬૫નું મુંબઇ મોટર વાહનો (ઉતારુઓ ઉપર કર) બાબતનું ગુજરાત (દ્વિતીય સુધારા) વિધેયક. | " | " " |
| ૧૩ | સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક ૪૬-સન ૧૯૬૫નું મુંબઇ મેનોરંજન કર (ગુજરાત દ્વિતીય સુધારા) વિધેયક. | " | " " |
| ૧૪ | સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક ૪૭-સન ૧૯૬૫નું મુંબઇ વેચાણવેરા (ગુજરાત દ્વિતીય સુધારા) વિધેયક. | " | " " |
| ૧૫ | સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક ૪૮-સન ૧૯૬૫નું ગુજરાત ખેતીનાં ઉત્પન્નનાં બજારો (કટોકટીની જોગવાઈઓ કરવા) બાબતનું વિધેયક. | ખેતીવાડી અને સહકાર ખાતું. | શ્રી વજુભાઈ શાહ, મંત્રીશ્રી, સહકાર. |
| ૧૬ | સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક ૪૯-સન ૧૯૬૫નું સૌરાષ્ટ્ર યુનિવર્સિટી બાબતનું વિધેયક. | શિક્ષણ અને મજૂર ખાતું | ઈન્દુમતી ચીમનલાલ, મંત્રીશ્રી, શિક્ષણ. |
| ૧૭ | સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક ૫૦-સન ૧૯૬૫નું ગુજરાત હાઈકોર્ટની (હકૂમતમાં સમાનતા લાવવા) બાબતનું વિધેયક. | કાયદા ખાતું. | હિતેન્દ્ર દેસાઈ, મુખ્ય મંત્રીશ્રી. |
| ૧૮ | સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક ૫૧-સન ૧૯૬૫નું મુંબઇ વજન અને માપ (ને અમલ લાવવા) બાબતનું વિધેયક. | ઉદ્યોગ ખાતું. | શ્રી માલદેવજી ઓડેદરા, મંત્રીશ્રી, નાણાં. |
| ૧૯ | સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક ૫૨-સન ૧૯૬૫નું મુંબઇ નગર રચના બાબતનું (ગુજરાત સુધારા) વિધેયક. | પંચાયત અને આરોગ્ય ખાતું. | શ્રી વજુભાઈ શાહ મંત્રીશ્રી, સહકાર. |

| ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
|---|---|---|---|---|---|---|---|
| ૧૮-૧૧-૬૫ | ૧૮-૧૧-૬૫<br>૨૩-૧૧-૬૫ | ૨૩-૧૧-૬૫ | ૨૩-૧૧-૬૫ | ૫ | ૩ | — | — |
| ૧૯-૧૧-૬૫ | ૧૯-૧૧-૬૫ | ૧૯-૧૧-૬૫ | ૧૯-૧૧-૬૫ | ૧ | ૧ | — | — |
| ૧૬-૧૨-૬૫ | ૧૬-૧૨-૬૫ | ૧૬-૧૨-૬૫ | ૧૬-૧૨-૬૫ | — | — | — | — |
| ૧-૧૨-૬૫ | ૧-૧૨-૬૫ | ૧-૧૨-૬૫ | ૧-૧૨-૬૫ | ૨ | ૨ | ૨ | — |
| ૧૩-૧૨-૬૫ | ૧૩-૧૨-૬૫ | ૧૩-૧૨-૬૫ | ૧૩-૧૨-૬૫ | ૨ | — | — | — |
| ૭-૧૨-૬૫ | ૭-૧૨-૬૫<br>૮-૧૨-૬૫<br>૯-૧૨-૬૫<br>૧૦-૧૨-૬૫ | ૧૦-૧૨-૬૫ | ૧૦-૧૨-૬૫ | ૧૨૭ | ૧૦૩ | ૧૩ | — |
| ૧૩-૧૨-૬૫ | ૧૩-૧૨-૬૫ | ૧૩-૧૨-૬૫ | ૧૩-૧૨-૬૫ | — | — | — | — |
| ૨૧-૧૨-૬૫ | ૨૧-૧૨-૬૫ | ૨૧-૧૨-૬૫ | ૨૧-૧૨-૬૫ | — | — | — | — |

## પત્રક ક્રમાંક - ૫

### રજૂઆત માટેનાં બિન-સરકારી વિધેયકો

| અનુ-ક્રમાંક | વિધેયકનું નામ | સરકારી ખાતાનું નામ | પ્રભારી સભ્યનું નામ | રજૂ કર્યા તારીખ | વિધેયકના ક્રમાંક અને પ્રકાશનની તારીખ | શેરો. |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧. | સન ૧૯૬૫નું ગુજરાત નગર પાલિકા (સુધારા) વિધેયક. | પંચાયત અને આરોગ્ય ખાતું | શ્રી મનમોહનદાસ ભ. દેસાઈ, વિ. સ. .સ. | ૨૨-૧૧-૬૫ | સન ૧૯૬૫નું વિધેયક ક્રમાંક ૧ તા. ૧૩-૧-૬૬ | |
| ૨ | સન ૧૯૬૫નું મુંબઈ ઔદ્યોગિક સંબંધો (ગુજરાત સુધારા) વિધેયક. | શિક્ષણ અને મજૂર ખાતું | શ્રી પ્રતાપ શાહ, વિ. સ. સ. | ૨૨-૧૧-૬૫ | સન ૧૯૬૫નું વિધેયક ક્રમાંક. ૨ તા. ૧૩-૧-૬૬ | |
| ૩. | સન ૧૯૬૫નું મુંબઈ કોર્ટ ફી (ગુજરાત સુધારા) વિધેયક. | કાયદા ખાતું | શ્રી મનમોહનદાસ ભ. દેસાઈ, વિ. સ. સ. | ૨૨-૧૧-૬૫ | સન ૧૯૬૫નું વિધેયક ક્રમાંક ૩ તા. ૧૩-૧-૬૬ | |

## પત્રક ક્રમાંક - ૬

### પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના બિન-સરકારી વિધેયકો.

| અનુ-ક્રમાંક | વિધેયકનું નામ | સરકારી ખાતાનું નામ | પ્રભારી સભ્યનું નામ | વિધેયકો અંગે પ્રસ્તાવો: પ્રસ્તાવ | વિધેયકો અંગે પ્રસ્તાવો: તારીખ | શેરો. |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧. | સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક ૩૭-સન ૧૯૬૫નું ગુજરાત પ્રાણીઓનું બલિદાન આપવાની મનાઈ કરવા બાબતનું વિધેયક. | ગૃહ અને નાગરિક પુરવઠા ખાતું | શ્રી નાગજીભાઈ ગો. આર્ય, વિ. સ. સ. | વિધેયકનું પહેલું વાંચન કરવું. આ પ્રસ્તાવની ચર્ચાને અંતે પ્રભારી સભ્યે પ્રસ્તાવ રજૂ કર્યો કે આ વિધેયક પાછું ખેંચી લેવા રજા આપવામાં આવે. આ પ્રસ્તાવ સ્વીકારવામાં આવ્યો. | ૨૨-૧૧-૬૫. | |
| ૨. | સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક ૩૮-સન ૧૯૬૫નું અટકાયતી નજરકેદ (ગુજરાત સુધારા) વિધેયક. | ગૃહ અને નાગરિક પુરવઠા ખાતું | શ્રી મનુભાઈ હ. પાલખીવાળા, વિ. સ. સ. | વિધેયકનું પહેલું વાંચન કરવું. અસ્વીકાર કરવામાં આવ્યો. | ૨૨-૧૧-૬૫. | |
| ૩. | સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક ૩૯ સન ૧૯૬૫નું ગુજરાત નગરપાલિકા (સુધારા) વિધેયક. | પંચાયત અને આરોગ્ય ખાતું | શ્રી છબીલદાસ પ્રા. મહેતા, વિ. સ. સ. | વિધેયકનું પહેલું વાંચન કરવું. આ પ્રસ્તાવની ચર્ચાને અંતે પ્રભારી સભ્યે પ્રસ્તાવ રજૂ કર્યો કે આ વિધેયક પાછું ખેંચી લેવાની રજા આપવામાં આવે. આ પ્રસ્તાવ સ્વીકારવામાં આવ્યો. | ૨૨-૧૧-૬૫. | |
| ૪. | સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક ૪૦ સન ૧૯૬૫નું મુંબઈ પ્રાથમિક શિક્ષણ (ગુજરાત સુધારા) વિધેયક. | શિક્ષણ અને મજૂર ખાતું | શ્રી મનુભાઈ હ. પાલખીવાળા, વિ. સ. સ. | વિધેયકનું પહેલું વાંચન કરવું. અસ્વીકાર કરવામાં આવ્યો. | ૨૨-૧૧-૬૫. | |

## પત્રક ક્રમાંક - ૭

### તારાંકિત, અતારાંકિત અને ટૂંકી મુદતના પ્રશ્નોનો નિકાલ

| અનુ-ક્રમાંક | પ્રશ્નનો પ્રકાર | મળેલા | દાખલ કરેલા | દાખલ ન કરેલા | પાછા ખેંચી લીધેલા | સ્પષ્ટીકરણ માટે સભ્યશ્રીને કે સરકારને મોકલેલા | એકત્રિત | ગૃહમાં જવાબ આપ્યા હોય તેવા | સમયના અભાવે રજૂ ન થયા હોય તેવા | ગૃહમાં જવાબ આપ્યા હોય તેવા પ્રશ્નોની ટકાવારી | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧. | તારાંકિત | ૨૮૩ | ૧૦૩ | ૧૪૨ | ૧ | ૩૪ | ૩ | * | ૨ | — | |
| ૨. | અતારાંકિત | ૪૩ | ૪૩ | — | — | — | — | **૧ | — | ૨.૦૯ | |
| ૩. | ટૂંકી મુદત | ૩૬ | @૧૦ | ૧૩ | — | ૩ | ૧ | ૧૦ | — | ૧૦૦ | |

*(૧) આગળના ૬૦૩ પ્રશ્નોના જવાબો આ અધિવેશન દરમિયાન આપવામાં આવ્યા હતા, તથા (૨) ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૮૨ અન્વયે અધિવેશનને છેલ્લે દિવસે વિધાનસભાના મેજ પર ૫૫ પ્રશ્નોના જવાબો મૂકવામાં આવેલ હતા.

**આગળના ૨૩૪ અતારાંકિત પ્રશ્નોના જવાબો આ અધિવેશન દરમિયાન આપવામાં આવ્યા હતા.

@ આ ઉપરાંત ૯ પ્રશ્નો તારાંકિત તરીકે દાખલ કરવામાં આવ્યા હતા.

## પત્રક ક્રમાંક - ૮

### તારાંકિત પ્રશ્નોની ખાતાવાર માહિતી (આંકડામાં)

| અનુ-ક્રમાંક | ખાતું | મળેલા | દાખલ કરેલા | દાખલ ન કરેલા | પાછા ખેંચી લીધેલાં | સ્પષ્ટીકરણ માટે સભ્યશ્રીને કે સરકારને મોકલેલા | એકત્રિત કરેલા | ગૃહમાં જવાબ આપવામાં આવ્યા હોય તેવા | સમયને અભાવે ગૃહમાં રજૂ ન થયા હોય તેવા | ગૃહમાં જવાબ આવ્યા હે તેવા પ્રશ્નોની ટકાવારી | શેરો. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧. | સામાન્ય વહીવટ | ૭ | ૩ | ૩ | -- | -- | ૧ | -- | -- | -- | -- |
| ૨. | નાણા | ૫ | ૧ | ૪ | -- | -- | -- | -- | -- | -- | -- |
| ૩. | કાયદા | ૪ | -- | ૩ | -- | ૧ | -- | -- | -- | -- | -- |
| ૪. | જાહેર બાંધકામ | ૩૫ | ૧૪ | ૧૭ | -- | ૪ | -- | -- | -- | -- | -- |
| ૫. | મહેસૂલ | ૪૪ | ૧૪ | ૨૧ | -- | ૭ | ૨ | -- | ૧ | -- | -- |
| ૬. | પંચાયત અને આરોગ્ય | ૩૪ | ૧૨ | ૧૫ | -- | ૭ | -- | -- | -- | -- | -- |
| ૭. | શિક્ષણ અને મજૂર | ૨૫ | ૧૦ | ૧૩ | ૧ | ૧ | -- | -- | -- | -- | -- |
| ૮. | ગૃહ | ૪૮ | ૧૭ | ૨૫ | -- | ૬ | -- | -- | ૧ | -- | -- |
| ૯. | નાગરિક પુરવઠા | ૨૦ | ૧૦ | ૯ | -- | ૧ | -- | -- | -- | -- | -- |
| ૧૦. | ઉદ્યોગ, ખાણ અને વીજળી | ૧૧ | ૪ | ૬ | -- | ૧ | -- | -- | -- | -- | -- |
| ૧૧. | ખેતીવાડી અને સહકાર | ૫૦ | ૧૮ | ૨૬ | -- | ૬ | -- | -- | -- | -- | -- |
| | કુલ. ... | ૨૮૩ | ૧૦૩ | ૧૪૨ | ૧ | ૩૪ | ૩ | -- | ૨ | -- | -- |

## પત્રક ક્રમાંક - ૯

### અતારાંકિત પ્રશ્નોની ખાતાવાર માહિતી (આંકડામાં)

| અનુ-ક્રમાંક | ખાતું | મળેલા | દાખલ કરેલા | દાખલ ન કરેલા | પાછા ખેંચી લીધેલાં | સ્પષ્ટીકરણ માટે સભ્યશ્રીને કે સરકારને મોકલેલા | એકત્રિત કરેલા | ગૃહમાં જવાબ આપવામાં આવ્યા હોય તેવા | સમયને અભાવે ગૃહમાં રજૂ ન થયા હોય તેવા | ગૃહમાં જવાબ આપ્યા હોય તેવા પ્રશ્નોની ટકાવારી | શેરો. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧. | સામાન્ય વહીટ | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- |
| ૨. | નાણા | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- |
| ૩. | કાયદા | ૧ | ૧ | -- | -- | -- | -- | -- | -- | -- | -- |
| ૪. | જાહેર બાંધકામ | ૧૦ | ૧૦ | -- | -- | -- | -- | -- | -- | -- | -- |
| ૫. | મહેસૂલ | ૬ | ૬ | -- | -- | -- | -- | -- | -- | -- | -- |
| ૬. | પંચાયત અને આરોગ્ય | ૭ | ૭ | -- | -- | -- | -- | -- | -- | -- | -- |
| ૭. | શિક્ષણ અને મજૂર | ૩ | ૩ | -- | -- | -- | -- | ૧ | -- | 33.3 | -- |
| ૮. | ગૃહ | ૭ | ૭ | -- | -- | -- | -- | -- | -- | -- | -- |
| ૯. | નાગરિક પુરવઠા | ૩ | ૩ | -- | -- | -- | -- | -- | -- | -- | -- |
| ૧૦. | ઉદ્યોગ, ખાણ અને વીજળી | ૨ | ૨ | -- | -- | -- | -- | -- | -- | -- | -- |
| ૧૧. | ખેતીવાડી અને સહકાર | ૪ | ૪ | -- | -- | -- | -- | -- | -- | -- | -- |
| | કુલ. ... | ૪૩ | ૪૩ | -- | -- | -- | -- | ૧ | -- | -- | -- |

## પત્રક ક્રમાંક—૧૦

**પ્રશ્નોના જવાબો ઉપરથી ઉપસ્થિત થતી બાબતો ઉપર અર્ધા કલાકની ચર્ચા ઉભી કરવા માટે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૮૩ અન્વયે મળેલ સૂચનાઓ.**

| | | | |
|---|---|---|---|
| ૧. | મળેલી સૂચનાઓ | ૨ | |
| ૨. | દાખલ ન કરેલી સૂચનાઓ | ૧ | |
| ૩. | દાખલ કરેલ સૂચનાઓ | ૧ | |
| ૪. | ચર્ચાયેલ સૂચના | ૧ | (તા. ૨૨-૧૨-૧૯૬૫) |

## પત્રક ક્રમાંક—૧૧

### બિન-સરકારી સંકલ્પો

| | | |
|---|---|---|
| ૧. | ફાળવેલા દિવસોની સંખ્યા | ૨ |
| ૨. | સંકલ્પોની મળેલી સૂચનાઓની સંખ્યા | ૭૧ |
| ૩. | દાખલ ન થયેલા સંકલ્પોની સંખ્યા | ૧૬ |
| ૪. | દાખલ કરવામાં આવેલા સંકલ્પોની સંખ્યા | ૫૫ |
| ૫. | બેલેટમાં લીધેલા સંકલ્પોની સંખ્યા-- | |
| | (૧) પહેલા દિવસ માટે | ૨૩ |
| | (૨) બીજા દિવસ માટે | ૪૫ |
| ૬. | રજૂ ન થયેલા સંકલ્પોની સંખ્યા | ૧ |
| ૭. | રજૂ કરવામાં આવેલા, પરંતુ ચર્ચાને અંતે પાછા ખેંચી લીધેલા સંકલ્પોની સંખ્યા (બીજા ૫ સંકલ્પો આવા જ હતા). | ૫ |
| ૮. | રજૂ કરવામાં આવેલા પરંતુ મત માટે મૂકાતાં સભાગૃહે અસ્વીકાર કર્યો હોય તેવા સંકલ્પોની સંખ્યા (બીજો ૧ સંકલ્પ આવો જ હતો). | ૩ |
| ૯. | રજૂ કરવામાં આવેલા અને સભાગૃહે સ્વીકાર કર્યો હોય તેવા સંકલ્પોની સંખ્યા | ૧ |
| ૧૦. | સૂચના રદ થઈ હોય તેવા સંકલ્પોની સંખ્યા | ૩૯ |

## પત્રક ક્રમાંક - ૧૨

### ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૯૦ (ટૂંક સમયની ચર્ચા) હેઠળની સૂચનાઓ.

| આપેલી સૂચનાઓની સંખ્યા. | નામંજૂર કરેલી, પાછી ખેંચી લીધેલી, વગેરે. | દાખલ કરેલી | દાખલ કરેલી સૂચનાઓનો વિષય (ટૂંકમાં) | સૂચના આપનાર સભ્યશ્રીનું નામ. | ચર્ચાયાની તારીખ / ચર્ચા માટે આપવામાં આવેલો સમય. |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૨૦ | *૧૨ | ૮ | ૧. સરકારની જાહેરાત પછી પણ પારડીની ઘાસિયા જમીન પૈકીની કેટલીક જમીન ખેતી નીચે નહિ મૂકવાથી ઉભી થયેલી પરિસ્થિતિ બાબત. | યુવરાજ શ્રી મનોહરસિંહજી પ્ર. જાડેજા. | ૧૮-૧૧-૬૫ / દોઢ કલાક. |
| | | | ૨. અમદાવાદમાં કામદાર વિમા યોજના હેઠળ અપાતી દવાઓ અંગે કામદારોમાં ફેલાયેલા અસંતોષ બાબત. | શ્રી બ્રહ્મકુમાર ર. ભટ્ટ | ૨૫-૧૧-૬૫ / એક કલાક. |
| | | | ૩. તબીબી, જાહેર આરોગ્ય અને આયુર્વેદ સેવાઓ માટે નવા પગાર ધોરણો બાબત. | શ્રી પ્રતાપરાય તા. શાહ. | ૨૬-૧૧-૬૫ / એક કલાક. |
| | | | ૪. પાછોત્તર વરસાદના અભાવે અન્ન ઉત્પાદન વિગેરે પર અસર અને ક્રુડ ઓઈલની તંગીના કારણે શિયાળુ ઉત્પાદનને થનારી અસર બાબત. | શ્રી બ્રહ્મકુમાર ર. ભટ્ટ. | ૧-૧૨-૬૫ / બે કલાક. |
| | | | ૫. ચોખાની લેવી અંગે સરકારે બહાર પાડેલા હુકમો બાબત. | શ્રી મનમોહનદાસ ભ. દેસાઈ | ૧૩-૧૨-૬૫ / બે કલાક |

| | | |
|---|---|---|
| ૬. રાજ્યમાં મળી આવેલા બોકસાઈટમાંથી એલ્યુમિનિયમ બનાવવાનું કારખાનું કેરળમાં સ્થાપવાની કેન્દ્ર સરકારની જાહેરાત બાબત. | શ્રી બ્રહ્મકુમાર ર. ભટ્ટ | ૨૦-૧૨-૬૫<br>એક કલાક |
| ૭. ધોરણ ૫, ૬ અને ૭માં અંગ્રેજી શીખવવા માંગતી શાળાઓને ફી વધારવાની છૂટ આપવા બાબત. | યુવરાજ શ્રી મનોહરસિંહજી પ્ર. જાડેજા. | ૨૧-૧૨-૬૫<br>એક કલાક. |
| ૮. રાજ્યમાં પ્રવર્તતી સિમેન્ટની તંગી નિવારવા બાબત. | શ્રી બ્રહ્મકુમાર ર. ભટ્ટ. | આ સૂચના ગૃહમાં ચર્ચા માટે લેવામાં આવી ન હતી. |

*આમાંની ૪ સૂચનાઓ નિયમ ૯૪ (ધ્યાન ખેંચવા બાબત) હેઠળ દાખલ કરવામાં આવી હતી.

## પત્રક ક્રમાંક - ૧૩

### ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૯૪ (ધ્યાન દોરવા બાબત) હેઠળની સૂચનાઓ.

| મળેલી સૂચનાઓની સંખ્યા. | ના મંજૂર કરેલી, પાછી ખેંચી લીધેલી, વગેરે. | દાખલ કરેલી | દાખલ કરેલી સૂચનાઓનો વિષય (ટૂંકમાં) | સૂચના આપનાર સભ્યશ્રીનું નામ. | બાબત પર ધ્યાન દોર્યાની તારીખ. |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| *૨૨ | ૧૩ | ૯ | ૧. ખેડા જિલ્લામાં સિંચાઈ માટે પાણીની કહેવાતાં અયોગ્ય વહેંચણી બાબત. | શ્રી ઉદેસિંહ વી. વડોદિયા | ૧૫-૧૧-૬૫ |
| | | | ૨. કપાસિયાના ભાવોમાં ઉછાળો આવવા બાબત. | શ્રી રતિભાઈ ઉ. પટેલ. | ૨૨-૧૧-૬૫ |
| | | | ૩. સિદ્ધપુર ગામમાં વીજળીના પૂરવઠા બાબત. | શ્રી બદરૂદ્દીન અ. બ્લ્યુ. | ૨૩-૧૧-૬૫ |
| | | | ૪. પોરબંદર મુકામે ભાવસિહજી હોસ્પિટલના ઓપરેશન થિયેટરની છત તૂટી જવાથી ઉભી થયેલી પરિસ્થિતિ બાબત. | યુવરાજ શ્રી મનોહરસિંહજી પ્ર. જાડેજા. | ૨-૧૨-૬૫ |
| | | | ૫. રાજકોટ તાલુકાના કેટલાક ગામોમાં ઈલેક્ટ્રીક મોટરો બળી જવા બાબત. | યુવરાજ શ્રી મનોહરસિંહજી પ્ર. જાડેજા. | ૬-૧૨-૬૫ |
| | | | ૬. તા. ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૬૫ના રોજ ગુજરાતના મુખ્ય મંત્રી શ્રી અને મંડળીને લઈ જતાં વિમાનને નડેલો અકસ્માત અને આ મુસાફરી અંગે સરકારે લીધેલાં સલામતીના પગલાં. | યુવરાજ શ્રી મનોહરસિંહજી પ્ર. જાડેજા. | ૭-૧૨-૬૫ |
| | | | ૭. મહેસાણા જિલ્લામાંથી ભેંસોની નિકાલ પર મૂકેલાં નિયંત્રણ બાબત. | શ્રી બદરૂદ્દીન અ. બ્લ્યુ. | ૨૦-૧૨-૬૫ |

| | | |
|---|---|---|
| ૮. વિજાપુર તાલુકાના પાતાળ કૂવાઓની ચેનલો તૂટી જવા બાબત. | શ્રી ગંગારામ ચુ. રાવળ. | સભ્યશ્રી ગેરહાજર હોવાથી સૂચના સભાગૃહમાં લઈ શકાઈ ન હતી. |
| ૯. છોટાઉદેપુર અને જંબુગામ તાલુકાઓમાં થયેલ કમોસમી વરસાદથી થયેલ નુકસાન બાબત. | શ્રી બિપીનચંદ્ર મ. ભટ્ટ | સભ્યશ્રી ગેરહાજર હોવાથી સૂચના સભાગૃહમાં લઈ શકાઈ ન હતી. |

*આમાં નિયમ ૯૦ હેઠળ (ટૂંક સમયની ચર્ચા) માટે આવેલી પરંતુ નિયમ ૯૪ હેઠળ (ધ્યાન ખેંચવા બાબત) દાખલ કરેલી ૪ સૂચનાઓનો સમાવેશ થાય છે.

## પત્રક ક્રમાંક - ૧૪

## ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૨૫૫ (બીજા પ્રસ્તાવો) હેઠળની સૂચનાઓ

| મળેલી સૂચનાઓની સંખ્યા. | નામંજૂર કરેલી વગેરે. | દાખલ કરેલી | દાખલ કરેલી સૂચનાઓનો વિષય (ટૂંકમાં) | સૂચના આપનાર સભ્યશ્રીનું નામ. | ચર્ચાયાની તારીખ અને ચર્ચા માટે આપવામાં આવેલો સમય. |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૬ | -- | ૬ | *૧. સંસદ, રાજ્ય વિધાન મંડળો અને તેના સભ્યોની સત્તાઓ, વિશેષાધિકારો અને ઉન્મુકિતઓ બાબત. | યુવરાજ શ્રી મનોહરસિંહજી પ્ર. જાડેજા.<br>શ્રી બ્રહ્મકુમાર ર. ભટ્ટ.<br>શ્રી છબીલદાસ પ્રા. મહેતા. | સમયને અભાવે ગૃહમાં ચર્ચા માટે લઈ શકાઈ ન હતી. |
| | | | @૨. ખાતરી સમિતિના સાતમા અહેવાલની અમુક ભલામણો વિચારણામાં લેવા બાબત. | શ્રી છબીલદાસ પ્રા. મહેતા.<br>યુવરાજ શ્રી મનોહરસિંહજી પ્ર. જાડેજા. | ૨૬-૧૧-૬૫<br>અઢી કલાક. |
| | | | ૩. ખાતરી સમિતિના આઠમા અહેવાલની અમુક ભલામણો વિચારણામાં લેવા બાબત. | શ્રી છબીલદાસ પ્રા. મહેતા. | સમયને અભાવે ગૃહમાં ચર્ચા માટે લઈ શકાઈ ન હતી. |

*ત્રણ સભ્યોએ અલગ અલગ સૂચનાઓ આપી હતી. આથી ત્રણે ય સભ્યોના નામો જોડીને એકત્રિત કરીને સૂચના દાખલ કરવામાં આવી હતી.

@બે સભ્યોએ અલગ અલગ સૂચનાઓ આપી હતી. આથી બન્ને સભ્યોના નામો જોડીને એકત્રિત કરીને સૂચના દાખલ કરવામાં આવી હતી.

## પત્રક ક્રમાંક - ૧૫

### વિભાજન

| અનુક્રમાંક | તારીખ | પ્રસ્તાવ રજૂ કરનાર સભ્યશ્રીનું નામ. | પ્રસ્તાવ | પ્રસ્તાવની તરફેણમાં | પ્રસ્તાવની વિરૂદ્ધમાં | પરિણામ. |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧. | ૧૭-૧૧-૬૫ | યુવરાજ શ્રી મનોહરસિંહજી પ્ર. જાડેજા. | ગુજરાત રાજ્યના નવા પાટનગરનું બાંધકામ બંધ કરવા તથા નવી યુનિવર્સિટીઓ શરૂ કરવાની હીલચાલ બંધ કરવા બાબતનો સંકલ્પ. | ૨૦ | ૭૮ | સંકલ્પ નામંજૂર થયો. |
| ૨. | ૨૨-૧૧-૬૫ | શ્રી નાગજીભાઈ ગો. આર્ય. | સન ૧૯૬૫નું વિધેયક ક્રમાંક ૩૭-સન ૧૯૬૫નું ગુજરાત પ્રાણીઓનું બલિદાન આપવાની મનાઈ કરવા બાબતનું વિધેયક પાછું ખેંચી લેવા બાબતનો પ્રસ્તાવ. | ૬૨ | ૧૮ | વિધેયક પાછું ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવી. |
| ૩. | ૨૯-૧૧-૬૫ | શ્રી બાબુભાઈ પ્રા. વૈદ્ય | નિયમો માટેની સમિતિએ ભલામણ કર્યા પ્રમાણેના ગુજરાત વિધાનસભાના નિયમોની વિચારણા વખતે નિયમ ૩૦ પર શ્રી બાબુભાઈ પ્રા. વૈદ્ય સુધારા ક્રમાંક-૧૭ રજૂ કરેલ. | ૨૫ | ૪૩ | સુધારો નામંજૂર કરવામાં આવ્યો. |
| ૪. | ૩૦-૧૧-૬૫ | શ્રી બાબુભાઈ પ્રા. વૈદ્ય. | ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૪૩(૩) ઉપર સુધારો ક્રમાંક-૨૭. | ૨૫ | ૬૨ | સુધારો નામંજૂર કરવામાં આવ્યો. |
| ૫. | ૬-૧૨-૬૫ | શ્રી રણજીતરાય ગં. શાસ્ત્રી. | સન ૧૯૬૫નું વિધાનસભા વિધેયક ક્રમાંક-૩૮-સન. ૧૯૬૫નું સુરત યુનિવર્સિટી બાબતનું વિધેયકની કલમ ૩૪(અ) પરનો સુધારો. | ૧૫ | ૭૧ | સુધારો નામંજૂર કરવામાં આવ્યો. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
|---|---|---|---|---|---|---|
| ૬. | ૨૦-૧૨-૬૫ | શ્રી બાબુભાઈ પ્રા. વૈદ્ય. | ગુજરાત વિધાનસભાના નિયમ ૭૩ (૧૬) ઉપર સુધારો ક્રમાંક ૫૧. | ૧૪ | ૭૧ | સુધારો નામંજૂર થયો. |
| ૭. | ૨૧-૧૨-૬૫ | યુવરાજ શ્રી મનોહરસિંહજી પ્ર. જાડેજા. | નિયમ ૯૫ પર સુધારો ક્રમાંક ૭૪. | ૧૩ | ૫૬ | સુધારો નામંજૂર થયો. |

સરકારી મધ્યસ્થ પ્રેસ, અમદાવાદ.